પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૧૪૭, કુલ પાના:૪, તારીખ: ૧૫-૦૨-૨૦૨૧ સોમવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 147 PRICE :-RS. 1.50 DATE : 15-02-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### પૂર્વ રાષ્ટ્રપતિ કેપિટલ હિલ હિંસામાં લોકોને ઉશ્કેરવાના આરોપમાંથી મુક્ત

# અમેરિકન સંસદમાં હિંસા: સેનેટે ટ્રમ્પને આપી ક્લીન ચીટ

વૉશિંગ્ટન,

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને બીજી વખત મહાભિયોગની કાર્યવાહીમાંથી છૂટકારો મળ્યો છે. ૬ જાન્યુઆરીએ અમેરિકાની સંસદ કેપિટલ બિલ્ડિંગમાં થયેલા તોફાનોને લઈને ટ્રમ્પ વિરુદ્ધ મહાભિયોગની કાર્યવાહી હાથ ધરાઈ અને સેનેટમાં મતદાન થયું હતું. સેનેટમાં થયેલા મતદાનમાં ૫૭ સેનેટરોએ ટ્રમ્પને દોષી તેમજ ૪૩ સેનેટરોએ નિર્દોષ ગણાવતા મત આપ્યો હતો. સેનેટમાં ટ્રમ્પને દોષી ઠેરવવા માટે સેનેટરોની બે તૃતિયાંશ બહુમતિ નહીં મળતા ટ્રમ્પ નિર્દોષ ઠર્યા છે. અગાઉ પણ ટ્રમ્પ વિરુદ્ધ મહાભિયોગની




કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી અને તેમાં તેમને મુક્તિ મળી હતી.

પૂર્વ રાષ્ટ્રપતિ ટ્રમ્પે આ નિર્ણયને આવકાર્યો હતો અને પોતાની વિરુદ્ધ ચાલી રહેલી આ કાર્યવાહીને યુએસના ઈતિહાસમાં સૌથી ખરાબ વિચહન્ટનો બીજો તબક્કો હોવાનું ગણાવ્યું હતું રાજકારણમાં પોતાનો દબદબો જાળવી રાખવા તેમજ હવે પછીની ચૂંટણીમાં ઝંપલાવવાનો ઈરાદો વ્યક્ત કરતા ટ્રમ્પે જણાવ્યું કે, મેક અમેરિકા ગ્રેટ માટે દેશભક્ત અને સુંદર અભિયાન હવે શરૂ થયું છે. વ્હાઈટ હાઉસ છોડ્યા બાદ ટ્રમ્પ ફ્લોરિડામાં પોતાના ક્લબમાં રહી રહ્યા છે.

ટ્રાયલ વખતે સેનેટના રિપબ્લિકન નેતા એમ મૈકકોનેલે પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વિરુદ્ધ મહાભિયોગની સુનાવણીમાં તેમના પક્ષમાં મતદાન કરવાની જાહેરાત કરી હતી. કેસની સુનાવણી વખતે શનિવારે ગૃહમાં અંતિમ ચર્ચા પૂર્વે કેટલાક કલાકો માટે કાર્યવાહી ખોરવાઈ હતી. આશ્ચર્યની વાત એ છે કે સેનેટ સભ્ય કેસમાં સાક્ષીઓને બોલાવવા ઈચ્છતા હતા. હાઉસના ઈમ્પીચમેન્ટ મેનેજર જેમી રસ્કિને જણાવ્યું કે તેઓ એક રિપબ્લિકન સાંસદને સાક્ષી તરીકે બોલાવવા ઈચ્છતા હતા, પરંતુ ટ્રમ્પના બચાવ પક્ષના વકીલો સાથે સહતમત થયા હતા કે તેમની જુબાનીમાં પુરાવા રજૂ કરવામાં આવે. પ્રાપ્ત વિગતો મુજબ ટ્રમ્પના વકીલોએ પોતાના સાક્ષીઓને બોલાવવાની ધમકી આપી હતી, જેમાં ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિ, પ્રતિનિધિ સભાના ડેમોક્રેટ સ્પીકર, નેન્સી પેલોસી અને અન્ય લોકો સામેલ હતા. સેનેટે સાક્ષીઓને બોલાવવાની મંજૂરી માટે ૫૫-૪૫ વોટ આપ્યા હતા. જો કે સેનેટરો, હાઉસ પ્રોસિક્યુઝર્સ તેમજ બચાવ પક્ષના વકીલોએ સમજૂતિને રદ કરી હતી. રિપબ્લિકન્સે પણ ટ્રમ્પ વિરુદ્ધ મહાભિયોગની કાર્યવાહી કરવા મતદાન કર્યું હતું. જો કે સેનેટમાં નવા રાષ્ટ્રપતિ જો બાઈડેનનો પક્ષ ડેમોક્રેટ્સ બહુમતિ નહીં ધરાવતો હોવાથી ટ્રમ્પને દોષી ઠેરવવા માટે ૬૭ મત મેળવવામાં અસફળ રહ્યા હતા.

ટ્રમ્પ પર ૬ જાન્યુઆરીએ યુએસ સંસદ ભવન (કેપિટોલ) માં તોફાનોનો આરોપ હતો, જેમાં પાંચ લોકોના મોત થયા હતા. જોકે તેમણે આ આરોપને નકારી દીધો હતો. દરમિયાન મોટાભાગના રિપબ્લિકન ધારાસભ્યોએ સંકેત આપ્યો છે કે તેઓ ટ્રમ્પને દોષી ઠેરવવા માટે મતદાન નહીં કરે. મહાભિયોગની સુનાવણીના ઝડપી નિષ્કર્ષ માટે ચાર કલાકથી પણ ઓછો સમય લીધો. ત્યારબાદ સેનેટરોને બંને પક્ષોના પ્રશ્નો પૂછવા માટે ચાર કલાકનો સમય આપવામાં આવ્યો હતો. આ પહેલા સેનેટરોએ સંસદમાં બે દિવસીય બેઠક યોજી હતી જેમાં વીડિયો અને ઓડિયો ફૂટેજની તપાસ કરવામાં આવી હતી. ડેમોક્રેટિક વકીલોએ બતાવવાની કોશિશ કરી કે ટ્રમ્પ હિંસા ભડકાવવાનું વલણ ધરાવે છે. તેમણે તોફાનોને રોકવા માટે કંઈ જ કર્યું ન હતું, ન કોઈ દુઃખ વ્યક્ત કર્યું, ન કોઈ દુઃખ વ્યક્ત કર્યું.

## ગ્રેટા થનબર્ગ ટૂલકિટ મામલે ૨૧ વર્ષિય એક્ટિવિસ્ટ દિશા રવિની બેંગલુરુથી ધરપકડ

બેંગલુરૂ,

ગ્રેટા થનબર્ગ ટુલકિટ મામલામાં દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે બેંગલુરૂથી ૨૧ વર્ષની ક્લાઈમેટ એક્ટિવિસ્ટ દિશા રવિની ધરપકડ કરી લીધી છે. ફ્રાઈડે ફોર ફયુચર કેમ્પેઈનના સંસ્થાપકોમાંથી દિશા રવિની શનિવારના રોજ ધરપકડ કરી લીધી છે. ૪ ફેબ્રુઆરીના રોજ દિલ્હી પોલીસે ટુલકિટને લઈને અજ્ઞાત લોકો વિરૂદ્ધ કેસ દાખલ કર્યો હતો. તેમના પર આરોપ છે કે દિશા રવિએ ખેડૂતો સાથે જોડાયેલ



ટુલકિટને એડિટ કર્યા અને તેમાં કેટલીક વસ્તુઓ જોડીને તેને આગળ મોકલી હતી.

હકીકતમાં, ખેડૂતોની ટ્રેક્ટર પરેડ દરમ્યાન ૨૬ જાન્યુઆરીના રોજ લાલ કિલ્લામાં થયેલી હિંસાની તપાસ કરી રહેલી દિલ્હી પોલીસ ટુલકિટ મામલાની તપાસ પણ કરી રહી છે. પર્યાવરણ સંરક્ષક ગ્રેટા થનબર્ગે તાજેતરમાં જ એક ટુલકિટને ટ્વિટ કરી હતી. જેને બાદમાં હટાવી દેવામાં આવી હતી. તપાસમાં એવું જાણવા મળ્યું કે, આ ટુલકિટની સ્ક્રિપ્ટ રાઈટર એક ખાલિસ્તાની સંગઠન છે. આ મામલામાં દિલ્હી પોલીસ પડતાળ કરી રહી છે. એક ટુલકિટ મામલામાં હવે દિશા રવિની ધરપકડ કરી લેવામાં આવી છે.

દિલ્હી પોલીસે ગૂગલ અને અન્ય મોટી સોશિયલ મીડિયા કંપનીઓને ટૂલ કિટ દસ્તાવેજોમાં જે ઈ-મેઈલ આઈડી અને યુઆરએલની વાત કરી હતી તેની જાણકારીઓને લઈને સ્પષ્ટતા માંગી હતી. ખેડૂત આંદોલનને લઈને અમેરિકાની પૉપ સિંગર રિહાના અને ગ્રેટા થનબર્ગ જેવી પ્રસિદ્ધ હસ્તીઓએ ટ્વિટ કર્યા હતાં. ગ્રેટાએ ટુલકિટની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, 'જો તમે પણ મદદ કરવા ઈચ્છો છો તો આ રહી ટુલકિટ.'

દિલ્હી પોલીસના સ્પેશ્યલ કમિશનર પ્રવીર રંજનને કહ્યું હતું કે સોશ્યલ મીડિયાના મોનિટરિંગ દરમિયાન એક ટુલકિટ મળી આવ્યું હતું. તેના લેખક સામે FIR નોંધવામાં આવી છે. તેમાં કોઈનું નામ નહોતું, આ માત્ર ટુલકિટ બનાવનારાની વિરૂદ્ધ હતું. પોલીસનું કહેવું હતું કે સોશ્યલ મીડિયા પર મોનિટરિંગ દરમિયાન પોલીસને એક એકાઉન્ટ દ્વારા એક દસ્તાવેજ મળ્યા છે જે ટુલકિટ છે. તેમાં 'પ્રાયર એક્શન પ્લાન' નામનું એક સેકશન છે. તેમાં ખેડૂત આંદોલન દરમિયાન શું કરવું તે વિશેની માહિતી આપી છે.

## સતત સાતમા દિવસે પેટ્રોલના ભાવમાં વધારો: મ.પ્રદેશમાં પેટ્રોલ સદી ફટકારી

ન્યુ દિલ્હી,

પેટ્રોલ ડિઝલના ભાવમાં ભડકો ચાલુ જ છે. આજે સતત સાતમા દિવસે પેટ્રોલ ડિઝલના ભાવમાં વધારો થવાના કારણે મધ્યપ્રદેશના ભોપાલમાં પ્રિમિયમ પેટ્રોલનો એક લિટરનો ભાવ ૧૦૦ રુપિયા પર પહોંચી ચુક્યો હતો.

મોટાભાગના શહેરોમાં પેટ્રોલનો ભાવ ૯૦ રુપિયા ઉપર તો છે જ અને મેટ્રો સિટીમાં ૯૫ રુપિયા છે.જ્યારે સંખ્યાબંધ શહેરમાં તો પ્રીમિયમ પેટ્રોલ હવે ૧૦૦ રુપિયા પર પહોંચી ચુક્યુ છે.

એકસ્ટ્રા પ્રીમિયમ પેટ્રોલનો ભાવ ભોપાલમાં આજે ૯૯.૯૯ રુપિયા પ્રતિ લિટર પર પહોંચ્યો હતો.જ્યારે નોર્મલ પેટ્રોલનો ભાવ ૯૬.૬૯ રુપિયા થયો હતો.



જોકે એક સમસ્યા એવી પણ ઉભી થઈ છે કે, પ્રીમિયમ પેટ્રોલનો ભાવ ત્રણ આંકડામાં પહોંચ્યા બાદ ઘણા પેટ્રોલ પંપના મશિનો ત્રણ આંકડાની ફિગર બતાવી શકતા નથી.જેના કારણે વેચાણ રોકી દેવાની ફરજ પડી છે. રાજસ્થાનના શ્રીગંગાનગરની વાત કરવામાં આવે તો અહીંયા વેટ સૌથી વધારે લાગુ પડતો હોવાથી નોર્મલ પેટ્રોલનો ભાવ ૯૯.૨૯ રુપિયા થઈ ગયો છે જ્યારે ડિઝલનો ભાવ ૯૧.૨૭ રુપિયા પર પહોંચ્યો છે. જ્યારે પ્રીમિયમ પેટ્રોલ તો ૧૦૨ રુપિયા પ્રતિ લિટર પર પહોંચ્યુ છે. દરમિયાન સરકારે કહ્યુ છે કે, પેટ્રોલિયમ પ્રોડક્ટ પર ડ્યુટી ઘટાડવા માટે હાલમાં કોઈ વિચાર નથી.

## આગામી ૨૦મી ફેબ્રુઆરીથી રાજ્યમાં ઠંડી ઘટેશે અને તાપમાનમાં થશે વધારો

અમદાવાદ,

ગુજરાત રાજ્યમાં ધીમે-ધીમે ઠંડીનો ચમકારો ઘટી રહ્યો છે. રાજ્યમાં શિયાળાની વિદાયને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. વસંતઋતુનો પ્રારંભ થઈ ગયો છે ત્યારે ધીરે-ધીરે રાજ્યના તાપમાનનો પારો વધતા ઠંડીનું પ્રમાણ ઘટ્યું છે. ટૂંક સમયમાં શિયાળો વિદાય લેશે તેવી શક્યતાઓ સર્જાઈ છે અને ગરમીનું આગમન થઈ જશે તેવી હવામાન વિભાગે જણાવ્યું છે. હવામાન વિભાગે માહિતી આપી છે કે, આગામી ૨૦મી ફેબ્રુઆરીથી રાજ્યમાં ઠંડી ધીમે-ધીમે ઘટતી જશે અને તાપમાનનો પારો ચઢશે. એ સિવાય વિભાગે આગાહી કરી છે કે ૧૫ અને ૧૬ ફેબ્રુઆરીએ વાતાવરણમાં પલટો આવી શકે છે. પૂર્વીય સમુદ્રી તટ વિસ્તારમાં વરસાદની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

## જમ્મુમાં મોટું આતંકવાદી કાવતરું નિષ્ફળ, ૭ કિલો વિસ્ફોટકોનો જથ્થો જપ્ત

શ્રીનગર,

પુલવામા હુમલાની બીજી વરસી પર જમ્મુ-કાશ્મીરમાં મોટા આતંકવાદી હુમલાને નિષ્ફળ બનાવવામાં આવ્યો છે. જમ્મુ શહેરમાં બસ સ્ટેન્ડ નજીક ૭ કિલો વિસ્ફોટકોનો જથ્થો જપ્ત કરવામાં આવ્યા છે. જે બાદ હાલ સમગ્ર વિસ્તારમાં સુરક્ષા જવાનોનો ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. બીજી તરફ જમ્મુમાં આતંકવાદી ગતિવિધિની ઘટના બાદ સુરક્ષા એજન્સી પણ સતર્ક બની ગઈ છે. લશ્કર-એ-મુસ્તફાના આતંકવાદી મલિકની ધરપકડ અને સાંબામાં સુરંગ અને હથિયારોનું મળવું દર્શાવે છે કે, કાશ્મીરમાં પક્કડ ગુમાવી ચૂકેલા આતંકવાદી સંગઠનો હવે જમ્મુમાં ષડયંત્ર રચી રહ્યાં છે. જણાવી દઈએ કે, પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી ISI માટે જમ્મુ વિસ્તારનો સાંબા જિલ્લો ઘુસણખોરી અને હથિયારોને હેરાફેરી માટે સોફ્ટ ટાર્ગેટ બની રહ્યો છે. ઈન્ટરનેશનલ સરહદ હાઈવેના નજીક હોવાથી આતંકવાદીઓ લાભ ઉઠાવી રહ્યાં છે. જો કે આર્ટીકલ ૩૭૦ હટ્યા બાદ સેના અને પોલીસની સતર્કતાથી આતંકવાદીઓને નિષ્ફળતા સાંપડી રહી છે. સાંબા જિલ્લામાં હજુ પણ અનેક ઓવર ગ્રાઉન્ડ વર્કર કામ કરી રહ્યાં છે, જે પોલીસની પકડથી દૂર છે. અગાઉ હીરાનગરના રસાનામાં ડ્રોનથી હથિયાર ઉતારવામાં આવ્યા હતા. આ હથિયાર ઉઠાવનારાને પોલીસે ઝડપી પાડ્યો હતો. તેને રસાનામાં એ જગ્યાએ લઈ જવામાં આવ્યો, જ્યાંથી તેણે હથિયાર ઉઠાવ્યા હતા. જે બાદ કાજીંગુંડમાં પણ બે લોકોએ એક ટ્રકમાંથી ઝડપી પાડવામાં આવ્યા હતા. જેમની પાસેથી હથિયારો કબ્જે કર્યા હતા.

### ખેડૂત આંદોલન-સીએએ મુદ્દે પણ જસ્ટીસએ મોટી સલાહ આપી

# આપણી ન્યાય વ્યવસ્થા ભારરૂપ, લોકોને કોર્ટમાં જઈ પસ્તાવો થાય છે: ગોગોઈ

ન્યુ દિલ્હી,

દેશની ન્યાય વ્યવસ્થા પર વારંવાર આંગળી ઉઠાવવામાં આવી છે, ન્યાય મેળવવા માટે વારંવાર કોર્ટના દાદરા ચઢવા પડતા હોય છે. દેશના પૂર્વ ન્યાયમૂર્તિ રંજન ગોગોઈએ પણ આ વાત પર મોહર મારી છે, તેમણે કહ્યું કે છે આપણી ન્યાય વ્યવસ્થા ઘણી ભારરુપ છે અને જૂની છે, જેના કારણે સમય પર ન્યાય આપવામાં સફળતા મળતી નથી.

રાજ્યસભાના સાંસદ બની ચુકેલા ગોગોઈ કહ્યું કે ન્યાય પ્રણાલી એ રીતે જર્જરીત થઈ ગઈ છે કે લોકો કોર્ટ જતા પસ્તાય છે. તેમણે એ પણ કહ્યું કે હવે કોર્ટ સામાન્ય લોકોની પહોંચની બહાર થઈ રહી છે અને માત્ર પૈસાવાળા અને કોર્પોરેટ વર્લ્ડના લોકો જ કોર્ટની સીડીઓ ચઢવા માગે છે. તેમણે કોર્ટના સભ્યને સ્થિતિ બદલવા માટે પગલું ભરવાની અપીલ કરીને કહ્યું કે હાલની વ્યવસ્થા ઘણી રીતે કામ નથી આવી, માટે જજની નિમણૂક અને તેમની ટ્રેનિંગમાં તાત્કાલિક બદલાવ લાવવાની જરુર છે. જસ્ટિસ ગોગોઈએ જજોની નિમણૂકમાં લેટ-લતીફીને પણ આ



સમસ્યાનું કારણ ગણાવ્યું છે.

જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે લોકોને વારંવાર નિશાન બનાવવામાં આવી રહ્યા છે અને વિવિધ આરોપ લગાવવામાં આવે છે, શું તેમની સામે તેઓ કેસ દાખલ કરશે, જેના જવાબમાં જસ્ટિસ ગોગોઈએ કહ્યું, "જો તમે કોર્ટ જાવ તો એ જ થશે કે આ બાબતો પર કોર્ટમાં પણ મુદ્દો બનશે, નહીં કે ન્યાય મળશે." ગોગોઈએ આ મુદ્દા પર આગળ કહ્યું કે, "મને એવું કહેવામાં કોઈ ખચકાટ નથી કે કોર્ટ કોણ જાય છે. તમે કોર્ટમાં જશો તો પસ્તાવો થશે. તમે કોર્પોરેટ વર્લ્ડથી છો તો એક તક શોધવા માટે કોર્ટ જાવ છો. જો જીતી ગયા તો કરોડો રુપિયા આવી જશે..

જસ્ટિસ ગોગોઈએ કહ્યું, "અમે પાંચ લાખ કરોડ ડૉલરની અર્થવ્યવસ્થા બનાવવા માગીએ છીએ પરંતુ આપણી પાસે જર્જરીત ન્યાય વ્યવસ્થા છે.. ૨૦૨૦માં જ્યારે ન્યાય વ્યવસ્થા સહિત દરેક સંગઠનનું કામકાજ બિલકુલ મંગ પડી ગયું તો નીચલી કોર્ટમાં ૬૦ લાખ જ્યારે અલગ-અલગ કોર્ટ્સમાં લગભગ ૩ લાખ જ્યારે સુપ્રિમ કોર્ટમાં લગભગ ૬થી૭ હજાર નવા કેસ આવી ગયા. સમય આવી ગયો છે કે આપણે એક રોડમેપ બનાવીએ. ન્યાયપાલિકા પ્રભાવી રીતે કામ કરે, તેના માટે જે જરુરી છે તે થઈ નથી રહ્યું.

રાજ્યસભા સાંસદે નવી વિકસિત થઈ રહેલી પ્રવૃત્તિઓ પર ચિંતા વ્યક્ત કરી છે અને કહ્યું છે કે આજના તાકતવાળા અને બૂમો પાડનારા લોકો જજો સહિત અન્યની છબી ખરાબ કરવામાં જોડાયેલા છે. તેમણે કહ્યું કે દુર્ભાગ્યથી કેટલા જજ નિશાન બન્યા બાદ તૂટી જાય છે. તેમણે ખેડૂત આંદોલન અને નાગરિકતા સુધારા કાયદા (CAA)ના વિરોધ આંદોલન પર સવાલોના જવાબમાં તેમણે કહ્યું કે, કેટલાક રાજયકીય કાયદાકીય સમાધાન કરવા પડશે અને કોર્ટે પણ આ મુદ્દાને જોવો પડશે.

## અમદાવાદ કેમિસ્ટ એસોસિયેશનની ચૂંટણી: પ્રમુખ પદ મેળવવા ત્રિપાંખીયો જંગ ખેલાયો

અમદાવાદ,

અમદાવાદ કેમિસ્ટ એસોસિયેશનની ચૂંટણી યોજાઈ. જેમાં અમદાવાદ કેમિસ્ટ એસોસિયેશનું પ્રમુખ પદ મેળવવા ત્રિપાંખીયો જંગ ખેલાયો હતો. ગૌરવ પેનલ, વિકાસ પેનલ અને રિટેલર્સ પેનલ મેદાને છે. જેમાં કુલ ૬૩ ઉમેદવારો મેદાને છે. ૨ હજાર ૭૦૦ મેડિકલ સ્ટોર. હોલસેલ તેમજ રિટેઈલના વેપારીઓ મતદાનમાં જોડાયા હતા. એક મતદાતાએ ૨૧ મત આપવાના રહેશે. ચૂંટણીની કામગીરી દરમિયાન પોલીસ સહિત ખાનગી બાઉન્સર પણ ગોઠવવામાં આવ્યા હતા. ઈતિહાસમાં પહેલી વાર કોમ્પ્યુટર રાઈઝ મતદાન એટલે ઈ-વોટિંગ કરવામાં આવી રહ્યું છે.

શુભેચ્છા...
ધી ઉજડા
દુધ ઉ. સહ. મંડળી
: ચેરમેન :
નટવરભાઈ ગણેશભાઈ પરમાર
: સેક્રેટરી :
મનાભાઈ દુધાભાઈ વણકર
તરફથી અભીનંદન....
મુ. ઉજડા,
તા. શહેરા

શુભેચ્છા...
ધી કીશાન
(નવા વલ્લભપુર) દુધ ઉ. મંડળી
: ચેરમેન :
સોલંકી અરવિંદભાઈ
: સેક્રેટરી :
માછી લખુભાઈ
તરફથી અભીનંદન....
મુ. નવા વલ્લભપુર,
તા. શહેરા

શુભેચ્છા...
અર્બુદા દુધ
ઉ. સહ. મંડળી
: ચેરમેન :
ખેમાભાઈ હીરાભાઈ પટેલ
: સેક્રેટરી :
જયંતીભાઈ ખેમાભાઈ પટેલ
તરફથી અભીનંદન....
મુ. નાંદરવા,
તા. શહેરા

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# મહિસાગર જીલ્લા પંચાયતની ૨૮ બેઠકો માટે ૧૨૩ ઉમેદવારી ફોર્મ ભરાયા

લુણાવાડા, મહિસાગર જીલ્લામાં સ્થાનિક સ્વરાજની ચુંટણીમાં જીલ્લાની ૨૮ બેઠકો માટે ૧૨૩ ફોર્મ ભરાયા. જયારે તાલુકા પંચાયતની ૧૨૬ બેઠકો માટે ૫૪૫ ઉમેદવારી ફોર્મ ભરાયા છે. મહિસાગર જીલ્લામાં ખરાખરીનો જંગ જામશે.

મહિસાગર જીલ્લા સ્થાનિક સ્વરાજની ચુંટણીમાં જીલ્લા પંચાયતની ૨૮ બેઠકો માટે ઉમેદવારી ફોર્મ ભરવા માટે ની છેલ્લી તારીખ સુધી ૧૨૩ ઉમેદવારી ફોર્મ ભરાયા છે. જયારે મહિસાગર જીલ્લાની ૬ તાલુકા પંચાયત માટે

**જયારે તાલુકા પંચાયતની ૧૨૬ બેઠકો માટે ૫૪૫ ઉમેદવારી ફોર્મ ભરાયા**

ઉમેદવારી ફોર્મ ભરાયા હતા. જેમાં કડાણા તાલુકાની ૨૦ બેઠકો માટે ૧૦૫ ફોર્મ ભરાયા, સંતરામપુર તાલુકા પંચાયત બેઠક માટે ૧૧૯ ઉમેદવારી ફોર્મ ભરાયા, ખાનપુર તાલુકા પંચાયત ૧૬ બેઠકો માટે ૬૭ ફોર્મ ભરાયા, લુણાવાડા તાલુકા પંચાયતની ૨૬ બેઠકો માટે ૧૦૫ ઉમેદવારી ફોર્મ ભરાયા, બાલાસીનોર તાલુકા પંચાયત ૧૮ બેઠકો માટે ૭૫ ફોર્મ ભરાયા, જયારે વિરપુર તાલુકા પંચાયતની ૧૮ બેઠકો માટે ૭૪ ઉમેદવારી ફોર્મ ભરાયા છે. મહિસાગર જીલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોની ચુંટણીમાં ભાજપ, કોગ્રેસ, બીટીપી, આપ અને અપક્ષના ઉમેદવારી ફોર્મ ભરાયા છે. જીલ્લાની સ્થાનિક સ્વરાજની ચુટણીમાં ભારે રસાકસી જોવા મળશે.

# સરકારી કોલેજ મોરવા હડફ ખાતે સ્ટાર્ટ અપ વેબીનાર વ્યાખ્યાન શ્રેણી યોજાઈ

સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ મોરવાહડફ છેલ્લા પાંચેક વર્ષથી કાર્યરત છે. આ કોલેજના લોકાર્પણ વિધિ સંપન્ન થયા બાદ નવા મકાનમાં કોલેજ કાર્યરત થવા જઈ રહી છે. ત્યારે આ કોલેજે વિદ્યાર્થીઓને ઉદ્યમી અને ઉદ્યોગ સાહસિક બનવા માટે એક અઠવાડિયા માટે ઓનલાઈન વેબિનાર વ્યાખ્યાન શ્રેણીનું આયોજન કરવામાં આવેલ હતું. જે અંતર્ગત આ વિસ્તારમાં આવેલી એન્જિનિયરિંગ ગ્રાન્ટેડ તેમજ સરકારી કોલેજો ના ઉદ્યોગ સાહસિક યુવાનો ને પ્રોત્સાહિત કરવા તથા જરૂરી માર્ગદર્શન માટે આંતરરાષ્ટ્રીય કક્ષાના તજજ્ઞો દ્વારા માહિતી પૂરી પાડવામાં આવેલ હતી.

આ વ્યાખ્યાન શ્રેણીમાં કુલ બાર કોલેજોએ ના વિદ્યાર્થી ઓ એ ભાગ લીધેલ હતો તથા તા ૯ થી તા.૧૩ ફેબ્રુઆરી સુધી સળંગ પાંચ દિવસ સુધી ચાલી હતી. આ વ્યાખ્યાન શ્રેણીમાં પ્રથમ દિવસે અબુધાબીની કેમિકલ પ્લાન્ટ કંપની ના કેમિકલ એન્જિનિયર જીગ્નેશ દીવાનજી એ વિદ્યાર્થીઓને આઉટ ઓફ બોક્ષ કઈ રીતે વિચારવુંસમયની જરૂરિયાત કઈ રીતે ઓળખવી અને નવા વિચારો સાથે કઈ રીતે બહાર આવવું તે વિશે સમજણ આપી હતી. ત્યારબાદ બીજા આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ખ્યાતનામ એવા વક્તા રોહિતભાઈ દવે દ્વારા કોલેજ ટુ કોર્પોરેટ અને એન્ટ્રપ્રિન્યરશિપ ડેવલોપમેન્ટ વિષય પર વ્યાખ્યાન આપવામાં આવ્યા હતા. જેમાં ગૃહ ઉદ્યોગ સાહસિક યુવાનોમાં નોકરી લેવા કરતાં નોકરી આપવાની તકો ઊભી થાય લો તે રીતે પ્રોત્સાહિત કર્યા હતા. ત્યારબાદ નેટવર્ક માર્કેટિંગના અનુભવી રતિશ વહી બેંગ્લોર એ ટાઈમ મેનેજમેન્ટ પર તેમના વિચારો રજૂ કરી સમયનો સદુપયોગ કરવા માટેની યુક્તિઓ સમયનો બગાડ અટકાવવા માટે શું કરવું જોઈએ તે વિશે વિદ્યાર્થીઓને માહિતી આપી હતી. કાર્યક્રમના છેલ્લા દિવસે આ વિસ્તારમાં આવેલી સરકારી ઈજનેરી કોલેજ ગોધરા અને તાજેતરમાં મળેલના વિદ્યાર્થીઓને તાજેતરમાં મળેલ પેટન્ટ પાત્ર નવી શોધખોળ માટે ત્યાં સુધી તેઓ અનુભવ શું રહ્યો તે વિશે અધ્યાપક તેમજ વિદ્યાર્થીઓ દ્વારા વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. સર પી.ટી.સાયન્સ કોલેજ મોડાસા ના વિદ્યાર્થીઓ અને અધ્યાપક ડો ગિરીશ વેકરીયા પોતાના વિચારો રજૂ કર્યા હતા. દ્વારા પેટન્ટ ફાઈલ અરજી કરવા માટે ની પ્રક્રિયા શું હોઈ શકે તે વિશે સમજણ આપવામાં આવી હતી. સરકારી એમ.એન.કોલેજ વિસનગર આચાર્ય ડો. આર.ડી. મોઢ દ્વારા તેમની કોલેજમાં ચાલતી સ્ટાર્ટઅપ ની પ્રક્રિયા વિશે માહિતી આપી હતી અને આજના વિદ્યાર્થીઓમાં નવીનતમ શોધખોળ કરવા માટે ભરપૂર ઉત્સાહ છે અને તેઓએ આત્મનિર્ભર બનવા આગળ આવવું જોઈએ તે વાત પર ભાર મૂક્યો હતો. ડો. કે.જી.છાયા આયોજક અને સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ મોરવા હડફના આચાર્ય વિદ્યાર્થીઓને એક સામાન્ય વિચારથી શરૂ કરી અને પ્રોડક્ટ કઈ રીતે બનાવી શકાય જેથી હાલની ટેક્નોલોજીનો ઉપયોગ અને સમયનો વ્યય બચાવી શકાય આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોલેજના અધ્યાપક મહેશ જાદવ ખૂબ જહેમત ઉઠાવી હતી . તેમની કામગીરી ને વિદ્યાર્થીઓએ બિરદાવી હતી. એસ પી ટી કોલેજ ના ડો. રૂપેશ નાકર અને સરકારી ઈજનેરી કોલેજના પ્રો.હાર્દિક શુક્લા ડો અમિત પટેલ પ્રો. ભાર્ગવ ઉપાધ્યાય અનિતા રાઠોડ અને આ કાર્યક્રમને સફળ બનાવવામાં ખૂબ જહેમત ઉઠાવી હતી. અંતમાં વિદ્યાર્થીઓના પ્રતિભાવો જાણતા તેઓને આ કાર્યક્રમ અત્યંત ઉપયોગી નીવડશે અને તેઓના જીવનમાં એક સારૂં એવું પરિવર્તન લાવશે તેવા આત્મવિશ્વાસ વ્યક્ત કર્યો હતો. સાથે સૌ આ દિશામાં કાર્ય કરી દેશને આત્મનિર્ભર બનાવવા ના લીધા સંકલ્પ લીધા હતા.

# મોરવા હડફ તાલુકાનાં અગરવાડા લગ્ન અકસ્માતમાં ૧ મોત અને ૭ લોકોને ઈજા થઈ

મોરવા(હ), મોરવા હડફ તાલુકા ના અગરવાડા લગ્ન માં અકસ્માત સર્જાયો અકસ્માત માં ૧ મોત અને ૭ લોકો ને ઈજા પહોંચી હતી.

મોરવા હડફ તાલુકા અગરવાડા ઉગમણ ફળિયુંમાં રહેણાક રામસિંગભાઈ લલુભાઈ નાં છોકરા નું લગ્ન હોય જે લગ્ન ની વિધિ વિધાન કરવા માટે મરણ જનાર તથા સહેદો એ રિતી રિવાજ મુજબ ગોટતદેવી નું પૂજન કરી પરત ઘરે જવા બેટરી ઓનાં અજવાળે રોડ ક્રોસ કરતા હતા તે સમયે મારુતિ સુઝુકી સીઆઝ ગાડી ગાડી નબર ગ્રજ્ઞ .૩૫ એચ.૨૮૧૨ નાં ચાલકે પોતાની કબજા ની ગાડી પુર ઝડપે અને ગફલત ભરી રીતે હકારી લઈ આવી ગોતરદેવી નું પૂજન કરી પરત જનાર વ્યક્તિ ઓને અડફેટ માં લેતા મરણ જનાર મીનલ બેન મુકેશભાઈ માલીવાડ ઉ.વ.૧૩ રહે બારેલા નિશાળ ફળીયુ તા શિંગવડ જી દાહોદ નાં ઓને માથાના ભાગે તથા જમણા હાથે ગંભીર ઈજા કરી દવા સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું અને અકસ્માત માં ઈજા ઓ પોચનાર (૧)અંકુર કુમાર દીપસિહ બારીયા ઉ. વ.૨૪ રહે પરબિયા મોરવા હડફ તથા (૨) આશિષ કુમાર વાડીલાલ બારીયા ઉ. વ.૨૨ રહેવાસી વંદેલી ચોરા ફળિયું મોરવા હડફ તથા (૩) રીંકુ બેન અનોપ ભાઈ પટેલ ઉ. વ.૧૫ રહે અગરવાડા ઉગમન ફળીયુ મોરવા હડફ તથા (૪) નંદા બેન ઉદેસિંહ પટેલ ઉ. વ.૪૦ રહે અગરવાડા મોરવા હડફ તથા (૫) નીરૂબેન રણછોડભાઈ પટેલ ઉ. વ.૧૬ રહે અગરવાડા મોરવા હડફ તથા (૬) ભૂરીબેન ફતેસિંહ પટેલ ઉ. વ.૧૯ રહે એરંડી તા ગોધરા ના ઓને ટક્કર મારતાં ઈજાઓ થયેલ છે ઓને વધુ સારવાર માટે ગોધરા રીફર કરતા તેમના સગા સંબંધી તેઓને ગોધરા દવાખાને લઈ ને ગયેલ છે અને મરણ પામનાર વ્યક્તિ મીનલ બેન ની લાશને મોરા સી. એચ. સી. દવાખાને લઈ જતા હતા. આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે ફરિયાદ નોંધાવાની તજવીજ હાથ ધરાઈ છે.

# સંતરામપુરના ભંડારાના અભ્યાસાર્થીને PHD માટે જનરલ કેટેગરીમાં પ્રવેશ અપાયો



સંરામપુર, મન હોય તો માળવે જવાય અડગ મનના માનવીને હિમાલય નથી નડતો જે પંક્તિ સાર્થક કરી બતાવી છે. સંતરામપુર તાલુકાના ભંડારા ગામના પી.એચ.ડી અભ્યાસાર્થી નરેન્દ્રભાઈ પારગીએ પ્રારંભિક શિક્ષણ દિવડાકોલોની સરકારી શાળાથી શરૂઆત કરી સમયાંતરે પાદરી ફળિયા પ્રા શાળા સંતરામપુર તેમજ જે એન્ડ જે પટેલ પ્રા. શાળા નરસિંગપુર ખાતે પ્રાથમિક શિક્ષણ પુર્ણ કરી શ્રીજી વિદ્યાલય જાનવડ ખાતે માધ્યમિક શિક્ષણ પ્રાપ્ત કરી એસ.કે. હાઈસ્કૂલ લુણાવાડા ખાતે ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પ્રાપ્ત કરી ફિશરીઝ કોલેજ વેરાવળ ખાતે માસ્ટર ઓફ સાયન્સ ફિશરીઝ નું શિક્ષણ મેળવી પોતાના નામની આગળ ડૉ. શબ્દ લાગે તે માટે એક વર્ષ સુધી સતત પ્રયત્ન કરતાં રહેલ નરેન્દ્ર પારગી ની બંન્ને ફોઈના છોકરાઓ ડૉ. થયેલા જે પૈકી એક તો એમ ડી ડો અજય તાવિયાડ જેથી મનોમન સંકોચ અનુભવતાં જોગાનુજોગ કુદરતે સપોટ કરતાં પંજાબ સરકારે માં વગરના નોંધારા દિકરાની કાયદેસરની રજુઆત સાંભળી જનરલ કેટેગરીમાં પી.એચ.ડી અભ્યાસાર્થી તરીકે પ્રવેશ આપ્યો. જેની વાત વાયુ વેગે ગુજરાત સહીત અન્ય રાજ્યોમાં ફેલાઈ જતાં ભારે હર્ષ અને ગર્વની લાગણી ફેલાઈ ગયેલ જયારે સબંધિત વિભાગની પી એચ ડી ની ઉપાધી લઈને અઢી વર્ષ બાદ બહાર પડનાર જો કોઈ હશે દુનિયાના આદિવાસી સમાજનો વિરપુરૂષ તો તે હશે સંભવિત ડો નરેન્દ્ર પારગી એ પણ "ક્રાઈબ" નો ડોક્ટર ધન્ય છે. નરેન્દ્રને માનું ધાવણ એક પણ બુંદ નથી પીધું ટુંકમાં જનેતાએ જન્મ આપતાની સાથે સ્વર્ગે સિધાવી ગયેલ શિક્ષીકા માતા સ્વ. મીનાબેનની કુખ ઉજાગર કરી હોય માં વગરના સંતાન નરેન્દ્ર પારગી કે જેના પિતા માનગઢ ઈતિહાસ લેખક છે ઘણું દર્દ તેમણે જોયું છે પરંતુ દુનિયાને જે બતાવવાનું હતું તે બતાવી દીધું આ બાબતને લઈને પોતાના કાકા ધારા સભ્ય ડૉ.કે એમ.ડીંડોર સહીત ગુજરાતના પ્રાથમિક શિક્ષકોએ શુભેચ્છા પાઠવી છે. આંતર રાજ્ય કક્ષાએ ગુજરાતનો ક્રાઈબ વિધાર્થી નરેન્દ્ર પારગી એક કદમ ઓર આગે વિશ્વ કી ઓર ગુજરાત.

# મહીસાગર જિલ્લામાં આજે રાહતના સમાચાર : આજે જિલ્લામાં એક પણ પોઝિટિવ કેસ નોંધાયો નથી

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માદયમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેક્ટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં રાહતના સમાચાર આજે એક પણ પોઝિટિવ કેસ નોંધાયો નથી આમ જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૧૪-૦૨-૨૦૨૧ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૨૦૨૯ કેસ પોઝીટીવ નોધાયા છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૯૬૦ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૯ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૫ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફ્લુ/ કોરોનાના કુલ ૧૨૬૦૫૪ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૭૪ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૧૨ દર્દી ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ, લુણાવાડા, ૧૦ દર્દી હોમ આઈસોલેશન અને ૦૨ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૧૮ દર્દીઓ સ્ટેબલ અને ૦૬ દર્દીઓ ઓક્સિજન પર છે.

# કાલોલ ડેરોલ ગામની BOB બેંકના ૩ કર્મચારીઓ કોરોના પોઝીટીવ આવતાં બેંક બંધ

કાલોલ, કોરોના મહામારીમાં આરોગ્ય વિભાગની તનતોડ મહેનત પછી કોરોના વેક્સિનનું સંશોધન કરી હલમાં કોલાનાં વેક્સિનનું કાચે ધમધમી રહ્યું છે. પરંતુ સામે કોરોનાના પંચમહાલ જિલ્લામાં ધીમે ધીમે કોવિડ-૧૯ નાં કેસમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. પરંતુ ઉલ્લેખનીય છેકે કાલોલ તાલુકાના ડેરોલ ગામ બેંક ઓફ બરોડામાં કોરોના શંકાસ્પદ લાગતાં ડેરોલ ગામ બેંક ઓફ બરોડામાં કામ કરતાં કમેચારીઓના ટેસ્ટ કરાવેલ જેમાં ત્રણ કેસ પોઝિટિવ આવ્યા છે. જેમાં વડોદરા,જરોદ અને ડેરોલગામમાં રહેતાં એક એમ કુલ ત્રણ કોવિડ-૧૯ ના કેસો એ ડેરોલ બેંકમાં કોરોનાનું માથું ઊંચક્યું હતું. જેનાં કારણે ત્રણે કમેચારીઓ ને કોરોન્ટાઈન કરવામાં આવ્યાં છે. જ્યારે બાકીના કમેચારીઓ નો કોવિડ-૧૯ નો ટેસ્ટ કરાવેલ જેનાં પગલે ડેરોલગામ બેંક બુધવાર થી બંધ કરી દેવામાં આવી હતી.

# પંચમહાલ જીલ્લા મા.શિક્ષક સંઘ સમગ્ર ટીમ બિનહરીફ થતાં ખુશી



ગોધરા, પંચમહાલ જિલ્લા માદયમિક શિક્ષક સંઘના વર્ષઃ૨૦૨૧ થી ૨૦૨૩ ના હોદ્દેદારોની ચૂંટણી માટે તા.૦૫/૦૨/૨૦૨૧ ના રોજ જાહેરનામુ બહાર પાડી ઉમેદવારી પત્રો મંગાવવામાં આવેલ હતા.જયારે તા.૧૪/૦૨/૨૦૨૧ ને રવિવારના રોજ આવેલ ઉમેદવારી પત્રોની ચકાસણી અને ઉમેદવારી પત્રો પરત ખેંચવાના દિવસે કેટલાક ઉમેદવારોએ સંગઠનના હિતમાં પોતાની ઉમેદવારી પરત ખેંચતા સમગ્ર ટીમ બિનહરીફ થતા તેમના સમર્થકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.બિન હરીફ થયેલ પ્રમુખ તરીકે પૂર્વ બોર્ડ સદસ્ય અને મહામંડળના મિડીયા કન્વિનર એસ.કે.પંચોલી તથા મહામંત્રી તરીકે જિલ્લા સંઘના પૂર્વ કારોબારી અદયક્ષ અશોકસિંહ વી. સોલંકી તથા અરવિંદસિંહ સિસોદિયા સંયોજક તરીકે નિયુકત થયા હતા.આમ સંગઠનના તમામ હોદ્દેદારો અને કારોબારી સભ્યો જિલ્લા સંઘ અને મહામંડળના સંગઠનને મજબુત બનાવવા પોતાનો સક્રીય સહ્યોગ આપશે તેમ જણાવ્યું હતું. ચુંટણી અધિકારી અરવિંદભાઈ એન. દરજી અને સહચુંટણી અધિકારી અરવિંદસિંહ પી.સિસોદિયા અને પૂર્વ મહામંત્રી અને ઉપ પ્રમુખ પી.એસ.પરમારે નવનિયુકત સમગ્ર ટીમને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭,
ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૧૫-૦૨-૨૦૨૧, સોમવાર,
મહા સુદ-૪, સૂર્યોદય-૭-૨૧, સૂર્યાસ્ત-૬-૪૧, જૈન નવકારશી-૮-૧૦,
આજની રાશિ : કુંભ (ગ.સ.શ.), નક્ષત્રઃ શતતારા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-
૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

# વડાપ્રધાન મોદીએ ૧૧૮ હાઈટેક અર્જુન ટેન્ક (MK-1A) સેનાને સોંપી



ચેન્નાઈ, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચેન્નાઈમાં તેમણે ૧૧૮ હાઈટેક અર્જુન ટેંક (સ્રુદ્ર-૧છ) સેનાને સોંપી છે. આ પ્રસંગે વડાપ્રધાને સલામી પણ આપી હતી. આ દરમિયાન આર્મી ચીફ એમ.એમ. નરવણે પણ હાજર રહ્યા હતા. આ ટેંકને DRDOએ ૮૪૦૦ કરોડના ખર્ચે તૈયાર કરી છે. પીએમ મોદીએ તમિલનાડુમાં ૩,૭૭૦ કરોડ રૂપિયાના ખર્ચે બનેલા ચેન્નાઈ મેટ્રો રેલ ફેજ-૧ એક્સટેંશનનું ઉદઘાટન કર્યું. પીએમ મોદીએ ચેન્નાઈ અને અટિપટ્ટૂ વચ્ચે ચોથી રેલ લાઈનનું ઉદ્ઘાટન કર્યું હતું.

વડાપ્રધાન મોદીએ પુલવામાં હુમલામાં શહીદ જવાનોને શ્રદ્ધાંજલી આપી હતી. મોદીએ સંબોધન કરતાં જણાવ્યુ હતું કે આજનો દિવસ કોઈ ભારતીય ભૂલી શકે નહીં. આજથી બે વર્ષ પહેલાં આજના જ દિવસે પુલવામામાં હુમલો થયો હતો. અમે તે બધા શહીદોને શ્રદ્ધાંજલિ આપીએ છીએ જેમણે તે હુમલામાં પોતાનો જીવ ગુમાવ્યો હતો. અમને આપણા સુરક્ષા દળો પર ગર્વ છે. તેમની હિંમત આવનારી પેઢીઓને પ્રેરણા આપશે. આજે મેં દેશમાં બનાવેલ અને ડિઝાઈન કરેલી અર્જુન મેન બેટલ ટેંકને સોંપી છે. વડાપ્રધાને ચેન્નાઈમાં કહ્યું, "વણક્ક્મ ચેન્નાઈ, વણક્ક્મ તમિલનાડુ. આ શહેર ઉર્જા અને સકારાત્મકતાથી ભરેલું છે. અહીં હાર્દિક સ્વાગત માટે આભાર. તમારા પ્રેમ અને સ્નેહથી અભિભૂત થયો. અમે ચેન્નાઈમાં ૩ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ શરૂ કર્યા છે. આ પ્રોજેક્ટ દેશના વિકાસનું પ્રતીક છે. તે તમિલનાડુનો વિકાસ દર્શાવે છે.

પીએમ મોદીએ કહ્યું કે તામિલનાડુ પહેલાં જ ભારતનું ઓટોમોબાઈલ નિર્માણ હબ છે. હવે હું તામિલનાડુને ભારતના ટેંક નિર્માણ હબ તરીકે વિકસિત થતાં જોઈ રહ્યો છું. આજે દુનિયા ભારતને મોટા ઉત્સાહ અને સકારાત્મકતાની સાથે જોઈ રહ્યો છું. આ દાયકો ભારતનો થવા જઈ રહ્યો છે. ભારત સરકાર તેના માટે દરેક શક્ય પ્રયાસ કરવા પ્રતિબદ્ધ છે.

અર્જુન ટેંક સેનાને સોંપતા પીએમ મોદીએ કહ્યું કે આજે મને મારા દેશની રક્ષા માટે બીજા એક યૌદ્ધાને દેશને સમર્પિત કરવા પર ગર્વ છે. મને સ્વદેશી અર્જુન ટેંક (માર્ક-૧છ) દેશને સોંપવા પર ગર્વ છે. બે ડિફેન્સ કોરિડોર્સમાંથી એક તામિલનાડુમાં છે. કોરિડોરને પહેલાં જ ૮૧૦૦ કરોડ રૂપિયાના રોકાણનું કમિટમેન્ટ મળી ચૂક્યું છે.

# આંધ્રપ્રદેશના કુરનૂલમાં બસ-ટ્રક વચ્ચે ગમ્ખવાર અકસ્માતઃ ૧૪ લોકોના મોત

કુરનૂલ, આંધ્ર પ્રદેશના કુરનૂલ જિલ્લામાં એક યાત્રી બસ અને ટ્રક વચ્ચે ભિડંત થઈ. દુર્ઘટનામાં ઓછામાં ઓછા ૧૪ લોકોના મોત થયા છે અને ૪ લોકોને ઈજા પહોંચી છે. અકસ્માત એટલો ભયાનક હતો કે બસનો આગળનો ભાગ નષ્ટ થઈ ગયો હતો. જાણકારી અનુસાર કુરનૂલના વેલદુર્તી મંડળના મદરપુર ગામ પાસે આજે સવારે રોડ અકસ્માત સર્જાયો. અકસ્માત બાદ જે દ્રશ્ય સામે આવ્યા તેના પરથી અંદાજો લગાવી શકાય કે અકસ્માત કેટલો ભયંકર હતો. ઈજાગ્રસ્તોને સરકારી હોસ્પિટલમાં દાખલ કરવાવવામાં આવ્યા છે. તમામ પીડિત ચિતુર જિલ્લાના મદનપલ્લીના રહેવાસી હતી.

અકસ્માત એટલી ભયાનક હતો કે બસનો આગળનો ભાગ નષ્ટ થઈ ગયો હતો. ટ્રક સાથે ટક્કર થતાં બસ પલટી ખાઈ ગઈ હતી. આ દરમિયાન મુખ્યમંત્રી વાઈએસ જગન મોહન રેડ્ડીએ રોડ અકસ્માતમાં લોકોના મોતને લઈને શોક વ્યક્ત કર્યો છે. મુખ્યમંત્રીએ વાઈએસ જગન મોહન રેડ્ડીએ રોડ અકસ્માત દુર્ઘટનામાં લોકોના મોત પર દુખ વ્યક્ત કર્યુ છે. મુખ્યમંત્રીએ બચેલા લોકોની સારવાર માટે યોગ્ય વ્યવસ્થા કરવાના નિર્દેશ આપ્યા છે.

ઘટનાની જાણકારી આપતાં સબ ઈંસ્પેક્ટર પેડ્ડિયા નાયડુએ કહ્યું કે બસ ચિત્તૂર જિલ્લાના મદનપલ્લા ગામથી રાજસ્થાનના અજમેર જઈ રહી હતી. બસ સવારે લગભગ ૩.૩૦ વાગે મદારપુર ગામ પહોંચી હતી કે ડ્રાઈવર રસ્તો ભૂલી ગયો અને બસ ખોટી દિશામાં જતી રહી. આ દરમિયાન બસે વિપરીત દિશામાંથી રહેલા ટ્રકને ટક્કર મારી દીધી. તેમણે કહ્યું કે આ બસમાં ૧૭ લોકો સવાર હતા. ઘટનામાં બસ ડ્રાઈવર સહિત ૧૪ લોકોના મોત થઈ ગયા છે અને ૪ લોકો ઘાયલ થયા છે.

# સરકાર વીજળી આપે નહીંતર મજબૂરીમાં અમારે જનરેટર લાવવા પડશેઃ ટિકૈત



ન્યુ દિલ્હી, ભારતીય કિશાન યુનિયનના રાષ્ટ્રીય પ્રવક્તા રાકેશ ટિકેતે કહ્યું કે સરકાર અમને વીજળીનું કનેક્શન આપે નહીંતર મજબૂરીમાં અમારે જનરેટર લાવવા પડશે.

ખેડૂત આંદોલન છે અને ચાલતુ રહેશે. ગરમી હોય કે વરસાદ, અમારુ આંદોલન ચાલતુ રહેશે. ઉનાળામા બોર્ડર પર જનરેટર લગાડવામાં આવશે અને જે રીતે ગામોમાંથી પાણી આવ્યું તે રીતે ડીઝલ પણ આવશે. બોર્ડર પર ખેડૂતો એસી અને કૂલરમાં આરામ કરશે. આંદોલન સ્થળ જ અમારા ઘર છે.

સરકારે ખેડૂતોના માર્ગમાં જે ખીલ્લા ઠોક્યા છે તે ઉખેડી લેવામાં આવશે. અમે દિલ્હીના મહેમાન છીએ, આવીશું, જઈશું અને ખેતીનુ કામ પણ કરતા રહીશું. સરકાર વાતચીત કરશે તો અમારો મોરચો પણ વાતચીત કરશે. કિશાન મોરચાના બીજા નેતા રવિન્દર સિંહે જણાવ્યું કે ૪૪ એફઆઈઆરના સંબંધમાં દિલ્હી પોલીસે ૧૨૨ ખેડૂતોની ધરપકડ કરી છે અને કિશાન મોરચો આ તમામ ખેડૂતોને કાનૂની સહાય પૂરી પાડશે. મોરચાના નેતાઓએ દાવો કર્યો કે ખેડૂતોની સામે લૂંટ, ખૂનનો પ્રયાસ તથા પજવણીના ખોટા કેસ કરાઈ રહ્યાં છે. તેમણે કહ્યું કે કિશાન મોરચા દ્વારા દરેક ખેડૂતને રુ. ૨૦૦૦ ની સહાય પુરી પાડવામાં આવશે.

કિશાન મોરચાના મેમ્બર કુલદીપ સિંહે એવો આક્ષેપ કર્યો કે સુપ્રીમ કોર્ટ કે હાઈકોર્ટના નિવૃત જજ દ્વારા ૨૬ જાન્યુઆરીની હિંસાની તપાસ થવી જોઈએ અને આ હિંસા પાછળનું ષડયંત્ર ખુલ્લુ પાડવું જોઈએ, તેમણે કહ્યું કે ખેડૂતોની સામે ખોટા કેસ કરાયા છે. તેમણે કહ્યું કે ટ્રેક્ટર રેલીમાં સામેલ ૧૬ ખેડૂતોની હજુ સુધી કોઈ ભાળ મળી નથી.

## દૈનિક રાશીફળ

તા.૧૫.૦૨.૨૦૨૧ સોમવાર

મેષ(અ.લ.ઈ.) :- દિવસ દરમ્યાન મનગમતી વ્યકિતની મુલાકાત થાય. મિલકત બાબત નસીબદાર રહેશો ખરીદીમાં લાભ.
વૃષભ(બ.વ.ઉ.) :- સામાજીક કાર્યોમાં સફળતા મળવાની સંયુકત પરિવારના પ્રત્યે હલ થાય નોકરીમાં કાર્યભાર પ્રવાસ થાય.
મિથુન(ક.છ.ઘ.) :- નાણાકીય બાબતોને લઈને પ્રગતિમાં અવરોધ રહે સગાઈના કાર્યમાં આગળ વધાવ-કર્જન કરવું.
કર્ક(ડ.હ.) :- પ્રયત્નો ફળવાના મહેનતનું ફળે મળે. વિદેશથી લાભ નોકરીમાં પ્રમોશન -સીઝનલ ધંધાથી લાભ
સિંહ(મ.ટ.) :- આવકનું પ્રમાણ જળવાઈ રહે શેર સાટામાં નવુ રોકાણ ન કરવું એજન્સી લાઈથી લાભ રહે.
કન્યા(પ.ઠ.ણ.) :- મહત્વના નિર્ણયો બાબત કોઈ ઉતાવળ ન કરવી. નોકરીમાં લાભ ધાર્મિક કાર્યમાં સફળતા
તુલા(ર.ત.) :- વ્યવસાવમાં નવા રોકાણની ઈચ્છા ફળે. ભાઈ-બહેનોથી સહકાર રહે. ન ધારેલી વ્યકિતનો સાથ - સહકાર રહે.
વૃશ્ચિક(ન.ય.) :- બપોર સુધીનો સમય તનાવ વાળો રહે. આવકનું પ્રમાણ જળવાઈ રહે. કારણ વગરના વિચારોને ટાળજો.
ધન(ભ.ધ.ફ.ઢ.) :- કાર્ય પરત્વે ઉપરી વર્ગનો સહકાર મળે. નોકરીમાં મનગમતી ઓફર પણ આવે. વિદેશ જવાનીતક મળે.
મકર(ખ.જ.) :- ટેકનીકલ લાઈનમાં સફળતા ઉત્પાદન ક્ષેત્રે ન ધારેલી સફળતા આત્મ વિશ્વાસને જાળવી રાખજો.
કુંભ(ગ.શ.સ.) :- ભાગીદારો સાથે મિટીંગનું આયોજન થાય કાર્ય ભાર રહે. સમાજમાં માન પ્રતિષ્ઠા મળે. ગુસ્સાને કાબુમાં રાખવો.
મીન(દ.ચ.ઝ.) :- રોજીંદા કાર્યમાં ચીવટ રાખવી. શેર - સાટાના જોખમ ન લેવું. મિલ્કતના પ્રશ્નોમાં કોઈ ઉતાવળ ન કરવી.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદ જીલ્લામાં સ્થાનિક સ્વરાજની ચુંટણીની તૈયારી પુરજોશમાં ઉમેદવારોનું ભાવિ મતદારો નકકી કરશે

દાહોદ,

દાહોદ જિલ્લામાં હાલ સ્થાનીક સ્વરાજયની ચુંટણીની તૈયારીઓ પુરજોશમાં ચાલી રહી છે. આવા સમયે પ્રજા માનસમાં પણ આ ચુંટણીને લઈ અનેક મનોમંથનો પણ વહેતા થઈ રહ્યાં છે. સાથે જ કોણે મત આપવો અને કોણે ન આપવો તેમજ કંઈ પાર્ટીને સત્તામાં બેસાડી તેના સમીકરણો પણ પ્રજા માનસમાં વહેતા થયાં છે.

આવા સમયે જો આપણે દાહોદ શહેરના વિકાસ ગાથાની વાત કરીએ વિકાસના નામે માત્ર દાહોદની પ્રજાને અંધારામાં રાખ્યું હોય તેમ હાલના સમયમાં પ્રતિત થઈ રહ્યું છે. દાહોદને સ્માર્ટ સીટીમાં સમાવેશ કર્યા બાદ અને તે પહેલા પણ સરકાર દ્વારા અનેક ગ્રાન્ટોની ફાળવણી કરવામાં આવી છે અને હાલ પણ અનેક વિકાસના કામો માટે પણ અઢળક ગ્રાન્ટો ફાળવવામાં આવી જ રહી છે પરંતુ શું આ તમામ ગ્રાન્ટો સાચા અર્થમાં દાહોદમાં વિકાસ કામોમાં સાચા અર્થમાં વાપરવામાં આવી રહી છે કે કેમ? તે મનોમંથન કરવાનો જનતાને હવે સમય પાકી ગયો છે. વર્ષો દાહોદ શહેરમાં અનેક કાઉન્સીલરો, પ્રમુખ, કાર્યકરો વિગેરે પાલિકા સત્તાથી લઈ અનેક પદો પર કાર્ય કરી ચુંક્યાં છે. તે પછી પ્રમુખ હોય, કોર્પોરેટરો હોય કે પછી લાગતા વળગતાં હોદ્દેદારો હોય કે પછી સરકારી અધિકારીઓ હોય તમામ પાસે આ ગ્રાન્ટોને જનતાની સુખાકારી, પ્રજાલક્ષી કાર્યો તેમજ સુવિધાઓ પુરી પાડવા માટે આ ગ્રાન્ટોનો શું સાચા અર્થમાં વપરાશ કરવામાં આવ્યો છે કેમ? તે પણ વિચાર માંગી લેતો પ્રશ્નો દાહોદ શહેરવાસીઓમાં ઉઠવા પામ્યાં છે. જોવા જઈએ તો સરકાર દ્વારા દાહોદના વિકાસ માટે અત્યાર સુધી કરોડો રૂપીયાની અધધ.. ગ્રાન્ટોની ફાળવણી કરવામાં આવી છે. આ તમામ ગ્રાન્ટોના ઓન પેપર રેકોર્ડ તપાસ કરવામાં આવે તો કરોડ રૂપીયાના ભ્રષ્ટાચારના કિસ્સાઓ પણ ખુલે તેમ છે. દાહોદમાં સત્તા પ્રાપ્ત માટે તલપાપડ થતાં તમામ પાર્ટીના ઉમેદવારો માત્ર પોતાના જ અંગત લાભ માટે સત્તા મેળવવાની લાલશામાં હાલ ચુંટણી જીતવા ધમપછાડઓ કરી રહ્યાં છે. કારણ કે, સત્તા પ્રાપ્તિ બાદ સરકારની ગ્રાન્ટો પર તેમની નજરો પણ બેઠેલી હોય છે. પ્રજાના હિતને ધ્યાનમાં ન રાખી સત્તા પ્રાપ્તિ માટે તલપાપડ બનેલા પાર્ટીના આ લોકો માત્ર પોતાના જ ખિસ્સા તેમજ બેન્ક બેલેન્સ ભરવા આકુળ વ્યાકુળ બની રહ્યાં છે. સાચા અર્થમાં સત્તા પ્રાપ્તિનો સાચો હેતુ પ્રજાના હિતલક્ષી કામકાજ માટે નહીં પરંતુ પોતાના આર્થિક લાભ માટે જ સત્તા પ્રાપ્તિની લાલસા પાર્ટી પક્ષમાં રહી છે. વિકાસના નામે માત્ર દાહોદવાસીઓને કુળીએ ગોળ ચોટાડ્યો જ છે. આવા સમયે મતદારોએ પણ આ વખતે પોતાના મતનો સાચો ઉપયોગ કરવો જોઈએ તે અતિઆવશ્યક બની રહ્યું છે. તેમજ ચુંટાયેલા પ્રતિનિધિઓ પાસે વિવિધ યોજનાઓ પૈકી કેટલા નાણાં વાપર્યા અને ક્યા વિકાસના કામો પાછળ આ નાણાં ખર્ચા તેનો તમામ હિસા માંગવાનો મતદારોને અધિકાર છે.

હવે આપણે આવીયે મુખ્ય મુદ્દા પર... વિકાસમાં વર્ષોથી ફાળવેલ ગ્રાન્ટોની સીલસીલા બંધ વિગતો છે તે અને હવે આ જનતાએ તે નક્કી કરી લેવું પડશે કે, સરકાર દ્વારા ફાળવેલ આ વિકાસ કામ માટે ફાળવેલ અધધ રૂપીયો ક્યાં ગયો? તેનું સાચા અર્થમાં પ્રજાને હવે અવલોકલન કરવું તે અતિ આવશ્યક બની રહ્યું છે.

## ફતેપુરા તાલુકા પંચાયતની સભ્ય માટે ઉમેદવારીપત્ર ભરવાના અંતિમ દિવસે ૮૦ ફોર્મ ભરાયા

ફતેપુરા,

ફતેપુરા તાલુકા પંચાયતની ૨૮ સભ્યો અને ફતેપુરા તાલુકા પંચાયત માં સમાવેશ થયેલ જિલ્લા પંચાયતની ૬ સભ્યોની ઉમેદવારીપત્ર ભર્યા આજે કુલ ૮૦ ઉમેદવારી પત્રો ઉમેદવારો ભર્યા હતા. અગાઉ ૧૪૯ ઉમેદવારોએ ઉમેદવારી પત્રો ભરી ચુકયા છે. જેથી ઉમેદવારીપત્રો ભરવાના અંતિમ દિવસે તાલુકા પંચાયત તેમજ સી.પી.એમ. વચ્ચે ચૂંટણી જંગ થવાના એંધાણ વર્તાઈ રહ્યા છે. કોઈપણ પ્રકારની અગમ્ય ઘટના ન ઘટે તે માટે કચેરી આગળ C.P.I. ડામોર પી.એસ.આઈ. બરંડા અને પોલીસ સ્ટાફે ચુસ્ત

### ફતેપુરા તાલુકામાં કોંગ્રેસ ભાજપ BTP અપક્ષ આપ CPM વચ્ચે ચૂંટણી જંગ જામવાના એંધાણ

ના આજના અંતિમ દિવસે ૮૦ ઉમેદવારી પત્રો ભરાયા હતા ફતેપુરા તાલુકા પંચાયત ના સભ્યો માટે આજ રોજ ૬૪ઉમેદવારીપત્રો ભરાયા હતા. જ્યારે ૬ જિલ્લા પંચાયત ના સભ્યો માટે ૧૬ ઉમેદવારી પત્ર ભરાતા જીલ્લા પંચાયત મળીને કુલ ૨૨૯ ઉમેદવારી પત્રો ભરાય છે. ફોરમ ખેંચ્યા પછી ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ થશે હાલ તો તમામ ઉમેદવારો પોતાની જીતનો દાવો કરી રહ્યા છે. તાલુકામાં કોંગ્રેસ–ભાજપ અપક્ષ આપ B.T.P. બંદોબસ્ત ગોઠવેલ હતો ઉમેદવારી કરનાર આવતા ઉમેદવારોને તેમજ ટેકેદારોને આરોગ્ય સ્ટાફ દ્વારા સેનેટાઈઝર કરી થર્મલ ગનથી તપાસ કરી માસ આપી કચેરીમાં પ્રવેશ આપવામાં આવતો હતો.

## “સ્થાનિક સ્વરાજયની ચૂંટણી તથા લોકોની પ્રાથમિક સુવિધાઓ”

વર્ષ ૨૦૨૧ના બીજા મહિનામાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓનુ ચારે બાજુ જોર જામ્યું છે. ભારતીય સંવિધાન દ્વારા દરેક ભારતીય નાગરિકને મત આપવાનો અધિકાર છે અને આ મતાધિકારને દરેક ભારતીય નાગરિકે દેશના તથા દેશના નાગરિકોના હિતમાં યોગ્ય અને ઈમાનદાર પ્રતિનિધિને આપવો જોઈએ.

ભારતીય સંવિધાન દ્વારા આપવામાં આવેલ મતાધિકારનો ઉપયોગ દરેક ભારતીય નાગરિકે જાતિ, ધર્મ, સગાવાદ, અંગત સ્વાર્થ, લોભ લાલચના વાડામાંથી બહાર નીકળીને યોગ્ય નીડર, ઈમાનદાર, કાર્યશીલ અને શિક્ષિત પ્રતિનિધિને મત આપી દેશના ખૂણે ખૂણે ઈમાનદાર પ્રતિનિધિત્વ કરાવવું જોઈએ.

દેશમાં ઈમાનદાર, નીડર, શિક્ષિત અને કાર્યશીલ પ્રતિનિધિત્વ કરનાર લોકો ઉભા થશે તો દેશની સ્થિતિ ચોક્કસ બદલાશે. પણ ક્યારે ? આ પણ એક પાયાનો સવાલ છે. ખરૂં ને?

દેશના ખૂણે ખૂણે જો ઈમાનદાર,નીડર,શિક્ષિત અને કાર્યશીલ પ્રતિનિધિત્વ કરનાર લોકોને દરેક જગ્યાએ સ્થાન મળે તો દેશના નાગરિકોને વિવિધ ક્ષેત્રે ભોગવવી પડતી હાલાકી, સમસ્યાઓ, ભ્રષ્ટાચાર, મોંઘવારીથી મુક્તિ મળી શકે છે અને દેશમા પારદર્શક વહીવટના પાયા દ્વારા દેશના નાગરિકોને પોતાનુ રોજિંદુ જીવન જીવવામાં સરળતા મળી શકે છે.

આજે દેશમાં મોંઘવારી, બેકારી, ભ્રષ્ટાચારે જાણે માથું ઊંચક્યું હોય તેવી સ્થિતિ સર્જાઇ છે. ખરાબ અને ધૂળ ઉડતા રસ્તાઓ,સાફસફાઈનો અભાવ, સ્ટ્રીટ લાઇટનો અભાવ,ઉભરાતી ગટરો વગેરે જેવી સમસ્યાઓ તથા પ્રાથમિક સુવિધાઓના અભાવ સાથે લોકોને રોજિંદું જીવન જીવવા મજબૂર થવું પડી રહ્યું છે.

સિક્કાની બે બાજુ હોય છે એક બાજુ તંત્ર દ્વારા નાગરિકોની પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવી તો સિક્કાની બીજી બાજુએ નાગરિકોએ પણ તંત્રના સુચારૂ વહીવટ માટે પોતાની ફરજનું પાલન કરવું જરૂરી છે. તો અને તો જ ગાડી બરાબર ચાલી શકે.

હાલ સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો સમય ચાલી રહ્યો છે. ત્યારે લોકોએ ખરેખર એવા પ્રતિનિધિઓને મત આપી ચૂંટવા જોઇએ જે નીડર, કાર્યશીલ, ઈમાનદાર અને શિક્ષિત હોય જેથી કરી ચૂંટાયા પછી તંત્રના સુચારૂ વહીવટમાં પારદર્શિતા જળવાઈ રહે અને લોકોને પ્રાથમિક સુવિધાઓ સરળતાથી મળી રહે. લોકોને રોડ રસ્તા,પાણી, ચોખ્ખી ગટરો, મહોલ્લા શેરીની સાફ સફાઈ, સ્ટ્રીટ લાઈટ ,બાગ બગીચા વગેરે જેવી સુવિધાઓ મળી રહે તે જરૂરી છે અને આ બધી સુવિધાઓ લાંબા ગાળા માટે તથા પ્રાથમિક હોય ખૂબ જ આવશ્યક હોય છે.

જેથી ઈમાનદાર, કાર્યશીલ, શિક્ષિત પ્રતિનિધિઓના ચયન કરવાથી શહેરથી લઇ રાજ્ય અને રાજયથી લઇ દેશની સ્થિતિ સુધરી શકે છે અને લોકોને ભોગવવી પડતી વિવિધ મુશ્કેલીઓમાંથી છૂટકારો મળી શકે છે.

આસિફ ઘંત્યા, ગોધરા

## હનુમાનજીના ભકતની ભગવાન શ્રી રામ જન્મભૂમિ મંદિર નિર્માણ માટેની કેવી ઉત્કૃષ્ટ ભાવના...!! રામજન્મ ભૂમિ માટે જમા રકમ દાન કરી

રંગીતસિંહ બળવંતસિંહ રાઠોડ અને તેમના ધર્મપત્ની રૂપલબેન જે મૂળ રાયસિંગપુરાના વતની છે અને હાલ કાલોલ નગરમાં પરમબા સોસાયટીમાં રહે છે... ખૂબ જ ધાર્મિક અને ભકિતભાવપૂર્ણ પરિવાર છે. હનુમાનજીના અનન્ય ભકત છે. પરિવારની એક ઉમદા ભાવના છે કે હનુમાન દાદાનું એક મંદિર બનાવીએ અને એના માટે પોતાના દૈનિક ઉપાર્જનમાંથી થોડી થોડી બચત કરવા માટે એક દાનપેટી બનાવી રોજ યથાશકિત રૂપિયા તેમાં જમા કરતા હતા. આ જ સમય દરમિયાન શ્રી રામ જન્મભૂમિ મંદિર નિર્માણ નિધિ સમર્પણ અંતર્ગત કાલોલ નગર કોલેજ વસ્તી–૧ની નિધિ સમર્પણની ટોળી તેમના દ્વારે જાય છે અને ભગવાન રામના ભવ્ય મંદિરનો વિષય મૂકી નિધિ સમર્પણ માટે કહે છે. ત્યારે આ પરિવાર ખૂબ જ ભાવુક



તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

થઈને કહે છે કે મારા રામે જ તમને દૂત બનાવીને મોકલ્યા છે... અમારે મંદિર હનુમાનજીનું બનાવવું છે અને તેના માટે અમે થોડી બચત પણ કરી છે પરંતુ જ્યારે ભગવાન શ્રી રામના જન્મભૂમિ મંદિરની વાત આવી છે. ત્યારે અમે આ દાનપેટી જ શ્રી રામના ચરણમાં સમર્પિત કરીને જીવનને સૌભાગ્યશાળી બનાવીએ..


તા–૧૪/૦૨/૨૦૨૧ ને રવિવારે તેમના દીકરા રાકેશકુમારના ચાંદલાનો પ્રસંગ રાખ્યો હતો અને તે જ દિવસે ચાંદલા વિધિ પહેલા દાનપેટી ખોલી અને તેમાં જમા થયેલી ૬,૭૦૦/ રૂપિયાની સંપૂર્ણ નિધિ રામ જન્મભૂમિ મંદિર નિર્માણ માટે સમર્પિત કરી... પરિવારમાંથી દીક્ષિતાબેન, અંજુબેન તથા ભાણી સૃષ્ટિબેન ઉપરાંત સમાજના અગ્રણી વ્યક્તિઓની હાજરીમાં નિધિ સમર્પણ કર્યું.

વિશાલભાઈ પંચાલ નિધિ સમર્પણ અભિયાન કાલોલના હિસાબ પ્રમુખ તથા મંત્રી વિ. હિ. પ. પંચમહાલ, નરેન્દ્રસિંહ ગોહિલ કાલોલ પ્રચાર–પ્રસાર પ્રમુખ તથા મંત્રી વિશ્વ હિન્દુ પરિષદ કાલોલ પ્રખંડ, જયંતીભાઈ પંડ્યા કોલેજ વસ્તી–૧ના અભિયાન સહપ્રમુખ, સુરેન્દ્રસિંહ ચૌહાણ સુવર્ણ હોલ વસ્તી–૨ના અભિયાન પ્રમુખ તથા અંકિતભાઈ પંચાલ સ્વયંસેવકની વિશેષ ઉપસ્થિતિ રહી. આમ, હનુમાનજીના મંદિર માટે એકઠી કરેલી નિધિ રામ જન્મભૂમિ મંદિરના નિર્માણ અર્થે સમર્પિત કરીને આ પરિવારે એક ઉત્કૃષ્ટ દ્રષ્ટાંત પૂરૂં પાડ્યું છે.

# ગરબાડાના જેસાવાડા થી સુરત-ખટોદરા પોલીસ મથકની ૫૦ લાખની ચોરીમાં ગુનાના મુખ્ય આરોપી ફરાર

દાહોદ,

દાહોદ એલસીબી પોલીસને મળેલ બાતમીના આધારે ગરબાડા તાલુકાના જેસાવાડા ગામે થી સુરતના ખટોદરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ૫૦ લાખ ની ઘરપકડ ચોરીના ગુનામાં મુખ્ય સૂત્રધાર નાસતો ફરતો આરોપીને ઝડપી પાડી તેમની પાસેથી મોટરસાયકલ તેમજ મોટરસાયકલ ના સ્પેરપાર્ટ તેમજ ચાંદીના દાગીના મળી ૨.૫૩ લાખ ઉપરાંતનો શંકાસ્પદ મુદ્દામાલ પોલીસે કબજે કર્યાનું જાણવા મળે છે.



દાહોદ જિલ્લાના જિલ્લા પોલીસ વડાને ખાનગી રાહે બાતમી મળી હતી કે સુરત ખટોદરા પોલીસ સ્ટેશનમાં ૫૦ લાખની ઘરફોડ ચોરીના ગુનામાં મુખ્ય સૂત્રધાર નાસતો ફરતો આરોપી સરદાર ભાઈ મનજીભાઈ ભાભોર રહેવાસી વડવા તાલુકો ગરબાડા જિલ્લો દાહોદ તથા તેનો સાગરીત સગીર બાળક કિશોર તાલુકો ગરબાડા જિલ્લો દાહોદ ના ઘરે ભેગા મળી મોટરસાયકલ ના સ્પેરપાર્ટ છુટા કરી વેચવાના ફિરાકમાં હોવાની બાતમી મળી હતી. આ બાતમીના આધારે દાહોદ એલસીબીની ટીમે વોચ ગોઠવી કોમ્બિંગ કરી આરોપીના ગામેથી શંકાસ્પદ મોટરસાયકલ તેમજ મોટરસાયકલ ના સ્પેરપાર્ટ સબમરસીબલ મોટર તેમજ ૫૦ લાખની ઘરફોડ ચોરીનો મુખ્ય સૂત્રધાર અને નાસતો ફરતો આરોપી સરદાર ભાઈ મનજીભાઈ ભાભોરને ઘરેથી ચાંદીના દાગીના, સબ મર્સિબલમોટર્સ વાયર બાઈક સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો.

પોલીસે રિકવર કરેલ મુદામાલમા ( ૧ ) કાળા કલરની મો.સા.ની ચેચીસ તથા તોડી નાખેલ એજીનના સ્પેરપાર્ટ તથા મેકવીલ સાથેનું ટાયર ( ૨ ) એક કાળા કલરની વગેર નંબરની અપાચી મો.સા. ( ૩ ) એક સિલ્વર કલરની લાલ પટ્ટાવાળી સ્ટાર સીટી પ્લસ મો.સા ( ૪ ) એક કાળા કલરની વગેર નંબરની યામાહા કંમ્પની નવા જેવી મો.સા. ( ૫ ) સબમર્શીબિલ પમ્પ મોટરો નંગ –૪ ( ૬ ) સબમર્સિબલ મોટરનો કેબલ વાયર આશરે ૩૦૦ ફુટ લાંબો ( ૭ ) ચાંદીનો કેડ ઝોલો ૨૫૦ ગ્રામ ( ૮ ) ચાંદીના પાયલ નંગ –૨ ( જોડ– ૧ ) ૧૩૦ ગ્રામ વજનના મળી કિ.રૂ .૨,૫૨ , ૫૦૦ / – નો શંકાસ્પદ મુદામાલ પોલીસે કબજે કર્યું છે. પકડાયેલ આરોપી સરદારભાઈ મનજીભાઈ ભાભોર રહે.વડવા તા.ગરબાડા જી.દાહોદનાઓ સુરત શહેરના ખટોદરા પોલીસ સ્ટેશનના ૫૦ લાખ રુપિયાની ઘરફોડ ચોરીનો મુખ્ય સુત્રધાર તરીકે નાસતો ફરતો હોય તેમજ સુરત શહેર કામરેજ પોલીસ સ્ટેશનના ઘરફોડ ચોરીના પાંચ ( ૫ ) ગુનાઓમાં તેમજ અંજાર પો.સ્ટે.ની ઘરફોડ ચોરી મળી કુલ સાત ( ૭ ) ગુનાઓમાં નાસતો ફરતો હોવાનુ જણાઈ આવયું હતું . દાહોદ જિલ્લાના જેસાવાડા , લીમખેડા તેમજ અમરેલી જિલ્લાના મહુવા તેમજ રાજસ્થાન રાજયના પ્રતાપપુરા ગામે તેમજ મધ્યપ્રદેશના કુક્ષી પો.સ્ટે.વિસ્તારમાં ઘરફોડ ચોરી તેમજ વાહન ચોરી કરેલાની કબુલાત કરી હતી.

## લીમડી નગર ઘર આંગણે મોબાઈલ ગેમ રમતા બાળકોના હાથમાંથી બાઈક સવાર ઈસમો મોબાઈલ ઝુંટવી ફરાર

ઝાલોદ,

ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં ઘરના આંગણે બે બાળકો મોબાઈલ માં ગેમ રમતા હતા. તે સમયે બાઈક પર આવેલા ઈસમોએ એક બાળક પાસેથી મોબાઈલ ઝૂંટવી ફરાર થઈ જતા વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે. ત્યારે આ સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ જતા પોલીસે તપાસ હાથ ધરી છે.

ગતરોજ સાંજના આઠ વાગ્યા ના આસપાસ ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં આવેલ નવા બજાર ખાતે બે બાળકો મોબાઈલમાં ગેમ રમી રહ્યા હતા અને ગેમ રમવામાં મશગૂલ હતા. તે સમયે ત્યાંથી બે મોટરસાયકલ પર આવેલા ઈસમોએ આ બાળક પૈકી એક બાળકના હાથમાંથી મોબાઈલ ફોન લઈ પૂરઝડપે રફુચક્કર થઈ જતા બૂમાબૂમ ના દ્રશ્યો પણ સર્જાયા હતા પરંતુ જોત જોતાંમાં આ બાઈક સવારો નાસી જવામાં સફળ રહ્યા હતા આસપાસના સીસીટીવી કેમેરાની તપાસ કરતા બાઈક સવારો કેમેરામાં કેદ થઇ ગયા હતા. ઘટનાની જાણ પોલીસને થતા પોલીસે પણ આ બાઈક સવારોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

## સીંગવડ તાલુકાના છાપરવડ ગામે રાત્રિના સમયે બે મોટરસાયકલ સામસામે ભટકાતાં બે જણાંના મોત નિપજયા

સિંગવડ,

સિંગવડ તાલુકા ના છાપરવડ ગામે હોળી ફળિયામાં ગતરાત્રીના ત્રણ વાગ્યાના અરસામાં રાત્રિના સમયે બે મોટર સાયકલ સવારો સામસામે ભટકાતા એક જણાનું સ્થળ પર જ મૃત્યુ થયું હતુ. જ્યારે બીજા મોટર સાયકલ વાળા ને ઈજા થતાં તેને લીમખેડા સીએસસી માં લઈ જવામાં આવતા રસ્તામાં મૃત્યુ થયું હતું મોટરસાયકલ સવાર લુખાવાડા ગામના નયન પ્રભાત બારીયા ઉંમર ૧૯ તે રાત્રિના સમયે કામ અર્થે જવા નીકળ્યા હોય અને બીજા મોટા સાયકલ સવાર પીપળીયા ગામના સુરેશ અમરસિંહ બારીયા ઉંમર ૩૧ તે પણ કોઈ કામ અર્થે નીકળ્યા હતા. તો તે છાપરવડ હોળી ફળિયામાં રાત્રિના ત્રણ વાગ્યે મોટરસાયકલ સામસામે અથડાતા અવાજ થતાની સાથે લોકો દોડી આવ્યા હતા તથા ૧૦૮ને ફોન કરતા ૧૦૮ ઘટના સ્થળે આવી પહોંચી હતી જયારે પરંતુ લુખાવાડા ના વતની નયન પ્રભાત બારીયા ને વધારે વાગતા ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતુ. તેને પોસ્ટમોર્ટમ માટે સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે લાવવામાં આવ્યો હતો જયારે પીપળીયા ના સુરેશ બારીયા ને લીમખેડા લઈ જતા તેનું પણ મોત નીપજ્યું હતું તેનું પોસ્ટમોર્ટમ લીમખેડા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે કરવામાં આવ્યું હતું આની જાણ રણધીકપુર પોલીસ સ્ટેશનને કરતા ઘટનાસ્થળે પોલીસવાળા પહોંચી ગયા હતા.

## દે.બારીયાના પીપલોદ સીંગવડ વચ્ચે બે બાઈકો વચ્ચે અકસ્માતમાં બેવ્યકિતના મોત

દે.બારીઆ,

દેવગઢ બારીયા તાલુકામાં પીપલોદ સિંગવડ વચ્ચે બે બાઈકો સામસામે ભટકાતા બાઈક પર સવાર બે જણાના અકાળે મોતના પગલે પરિવારજનોમાં શોકની લાગણી પ્રસરી જવા પામી હતી.

મળતી માહિતી પ્રમાણે ગત રોજ રાત્રીના સમયે પિપલોદ સીંગવડ વચ્ચે જતા માર્ગ ઉપર છાપરવડ ગામે પુરઝડપે ધસી આવતી બે બાઈકો સામસામે ધડાકાભેર અથડાતા આ ગમ્ખવાર માર્ગ અકસ્માતમાં બંને બાઈક ચાલકો ના ઘટનાસ્થળ પર જ શરીર તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં કમકમાટીભર્યા મોત નિપજયા હતા. ઘટનાની જાણ ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવા તેમજ નજીકની પોલીસને થતાં તાબડતોડ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને મૃતકોના મૃતદેહોને નજીકના દવાખાને પીએમ અર્થે ખસેડવાની પોલીસે કામગીરી હાથ ધરી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

## ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી કાલોલ શાખા દ્વારા પત્રિકા વિતરણ, માસ્ક વિતરણ અને રક્તદાન માર્ગદર્શન કેમ્પ યોજાયો



ગોધરા,

પંચમહાલ જિલ્લા ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ગોધરા દ્વારા તેમજ કાલોલ તાલુકા બ્લડ બેન્ક શાખા દ્વારા પત્રિકા વિતરણ,માસ્ક વિતરણ અને રકતદાન માર્ગદર્શન ના કાર્યક્રમ યોજાયા હતા. આ કાર્યક્રમના અદયક્ષ તરીકે ઈન્ડીયન રેડકોસ સોસાયટી ના ટ્રેઝરર આનંદભાઈ ઘડીયાળી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રગટાવી કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી કાલોલ શાખાના પ્રમુખ સતિષભાઈ શાહે સંસ્થા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. રેડ ક્રોસ સોસાયટી કાલોલ શાખાના ઉપ પ્રમુખ ડો. યોગેશભાઈ પંડ્યાએ માર્ગદર્શન આપ્યું હતું.આ કાર્યક્રમમાં વેજલપુર કાલોલ શાખાના સભ્ય યોગેશભાઈ કાછિયા તથા કાલોલ તેમજ આજુબાજુના સભ્યો હાજર રહ્યા હતા. આ કાર્યક્રમનું સમાપન સેક્રેટરી ડૌ. પ્રકાશભાઈ ઠક્કરે કર્યુ હતું. કાર્યક્રમ ગાયત્રી મંદિર કાલોલ ના હોલમાં યોજવામાં આવ્યો હતો.

## પંચમહાલ જિલ્લામાં આજે પણ કોરોના સંક્રમણનો એકેય નવો કેસ નોંધાવા પામ્યો નથી

ગોધરા,

તંત્રના સઘન પ્રયાસોના પરિણામે પંચમહાલ જિલ્લામાં કોરોનાની સ્થિતિ સતત નબળી પડી રહી છે.જેના પરિણામે કોરોના ની નિશ્ચિત હાર જોવાતા આજે પંચમહાલ જિલ્લામાં કોરોના સંક્રમણનો એક પણ નવો કેસ નોંધાયો નથી. જિલ્લાના કુલ સક્રિય સંક્રમિત દર્દીઓની સંખ્યા માત્ર ૨૧ રહેવા પામી છે. જિલ્લામાં અત્યાર સુધી કોરોનાના સંક્રમણના કુલ ૩૯૬૮ દર્દીઓ નોંધાયા છે. જ્યારે સારવાર બાદ કુલ ૩૮૦૬ દર્દીઓ કોરોનાને આકરી શિકસ્ત આપી ઘરે પાછા ફર્યા છે. અત્યાર સુધી જિલ્લાના શહેરી વિસ્તારોમાં ૨૯૦૩ કેસો અને ગ્રામીણ વિસ્તારોમાં ૧૦૬૫ કેસ નોંધાયા છે.

## ગોધરા ST બસ સ્ટેશનમાંથી ઈંગ્લીશ દારૂ સાથે મહિલા અને પુરૂષ ઝડપાયા

ગોધરા,

ગોધરા શહેર એસ.ટી.બસ સ્ટેશનમાં એ ડીવીઝન પોલીસના ચેકીંગ દરમ્યાન પોટલામાં સંતાડીને લઈ જવાતો ઈંગ્લીશ દારૂ અને બીયર મળી ૧૩૮૦/–રૂપીયા, બે મોબાઈલ ફોન સાથે મહિલા અને પુરૂષને ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા શહેર એસ.ટી.બસ સ્ટેશનમાં એ ડીવીઝન પોલીસ દ્વારા બાતમીના આધારે ચેકીંગ હાથ ધરવામાં અવ્યું હતું. દરમ્યાન રેખાબેન દલુભાઈ કટારા રહે.જેસાવાડા, ગરબાડા અને પૂનમ રાજુભાઈ ઠાકોર રહે.રણોલી ગામ વડોદરા પાસે રાખેલ પોટલાનું ચેકીંગ કર્યું હતું. દરમ્યાન ઈંગ્લીશ દારૂ કવાટરીયા નંગ–૯૬ બીયર ટીન–૧૨ મળી ૧૩૮૦/–રૂપીયા અને બે મોબાઈલ ફોન મળી ૨૦,૯૮૦/–રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા. આ બાબતે ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધાઈ.

### ગોધરા LCB પોલીસે વોન્ટેડ આરોપીને ઝડપી પાડ્યો

ગોધરા,

પંચમહાલ રેન્જ પોલીસ ના ઉચ્ચ અધિકારીઓ દ્વારા એલસીબી પીઆઈ ને નાસ્તા ફરતા વોન્ટેડ આરોપીને ઝડપી પાડવા માટે સૂચના આપવામાં આવી હતી. જેના આધારે એલ.સી.બી. પી.આઈ.ડી.એન. ચુડાસમા દ્વારા બાતમીદારો રોકી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ત્યારે બાતમી મળી હતી કે અમદાવાદ શહેર ઓઢવ પોલીસમથકે નોંધાયેલા બે અલગ અલગ ચોરીના ગુનામાં વોન્ટેડ આરોપી સુફિયાન અસલમ કલંદર હાલમાં સિગ્નલ ફળિયા વિસ્તારમાં આવેલ મિમ મસ્જિદ પાછળ ઉભો છે, જેના આધારે પોલીસે ખાનગી વોચ રાખીને બાતમી મુજબના ઈસમને ઝડપી પાડયો હતો.


Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 147

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## વેજલપુરમાં ફોર્મ ભરવા પહોંચેલા

# બે ઉમેદવારો હયાત હોવા છતાં મૃતક તરીકે મતદાર યાદીમાં પોતાનું નામ કમી થઈ જતાં ગંભીર છબરડા



- પોતાના દ્વારા કોઈપણ સુધારો કરવા અરજી અપાઈ નથી. તેમ છતાં મૃતક ઘોષિત થવાના લઈને ભારે હોબાળો.
- સ્થાનિક સ્વરાજની ચુંટણીમાં તંત્રની બેદરકારીના કારણે મતઅધિકારથી વંચિત બન્યા.
- ત્યારે તપાસનો વિષય બન્યો છે.

વેજલપુર,

વેજલપુરમાં હાલમાં ચુંટણીના માહોલમાં ફોર્મ ભરવા પહોંચેલા બે ઉમેદવારો હયાત હોવા છતાં મૃતક તરીકે મતદાર યાદીમાં પોતાનું નામ કમી થઈ જતાં ગંભીર છબરડા બહાર આવ્યા છે. પોતાના દ્વારા કોઈપણ સુધારો કરવા અરજી અપાઈ નથી. તેમ છતાં જીવતા મૃતક ઘોષિત થવાના લઈને ભારે હોબાળો મચી ગયો છે. જોકે સ્થાનિક સ્વરાજની ચુંટણીમાં તંત્રની બેદરકારીના કારણે મતઅધિકારથી વંચિત બન્યા છે. ત્યારે તપાસનો વિષય બન્યો છે.

કાલોલ તાલુકાના વેજલપુર ગામે રહેતા મોટી કાછીઆવાડ રહેતા બી.એન.શાહ અને નાના મહોલ્લામાં રહેતા શબીના શેખ દ્વારા સ્થાનિક સ્વરાજની ચુંટણીમાં દાવેદારી નોંધાવા માટે દિવસો થી તૈયારીઓ હાથ ધરી હતી. જરૂરી ફોર્મ મેળવ્યા બાદ મતદાર યાદીમાં નામ માટેની સક્ષમ અધિકારી સમક્ષ પહોચ્યા હતા. પરંતુ મતદાર યાદીમાં તેઓનું નામ ગાયબ થઈ જતા અચંબામાં મુકાયા હતા. દિવસો થી તૈયારીઓ સાથે કચેરીમાં પહોંચી અને મતદાર યાદી જોતાં તેઓ હયાત હોવા છતાં મૃતક તરીકે દર્શાવીને નામ કમી કરવાને લઈને બન્ને અરજદારો દ્વારા હોબાળો મચી ગયો હતો. કયા કારણોસર અને કોના ઈશારે નામ કમી કરવામાં આવતા તંત્ર માટે ગંભીર તપાસનો વિષય બન્યો છે. સામાન્ય રીતે વેજલપુરમાં અગાઉ ચુંટણી પૂર્વે યાદી તૈયાર કરવા માટે શિક્ષકો એવા બીએલઓ દ્વારા ઘરે ઘરે ફરીને જરૂરી સુધારા વધારા માટેના ફોર્મ ભરાયા હતા. અને એ ફોર્મ ચુંટણી કચેરીમાં મોકલાવ્યા બાદ તેમાં જરૂરી સુધારા–વધારા સાથેની નવી મતદાર યાદી તૈયાર કરવામાં આવી છે. પરંતુ તૈયાર કરવામાં આવેલી આ યાદીમાં અનેક છબરડા જોવા મળે છે. વેજલપુરમાં કેટલાક મતદારોના નામમાં, ઉંમરમાં, રહેઠાણ જેવા બાબતોમાં ભારે ભૂલબાલ જોવા મળી રહી છે. તંત્રની ભૂલના કારણે અગામી મતદાનના દિવસે મત અધિકાર થી વંચિત રહે તેવી સ્થિતી ઉદ્દભવી છે. પરંતુ કાછીઆવાડ ખાતે રહેતા બી.એન.શાહ અને નાના મહોલ્લામાં રહેતા શબીના શેખ હાલ જીવીત છે. તેમ છતાં તંત્રના ભૂલના કારણે તેઓ મૃતક ઘોષિત થઈને મતદાર યાદીમાંથી નામ કમી કરી દેવામાં આવતાં આ મામલે વેજલપુરમાં ચર્ચાનો વિષય બન્યો છે. નામ કમી થવાના કારણે તેઓ ફોર્મ ચુંટણી ફોર્મ ભરી શકયા ન હતા. અને નિરાશ થવાનો વારો આવ્યો હતો. કોના દ્વારા ભૂલ કરવામાં આવી છે. તે બાબતે ઉચ્ચ અધિકારીઓ દ્વારા તપાસ હાથ ધરીને તેઓ સામે પગલાં ભરવામાં આવે તેવી માંગ ઉઠી છે. તંત્રની ભૂલના ભોગ બનેલા આ બે અરજદારો ઉમેદવારી નોંધાવી શકયા ન હતા. એટલું જ નહીં અગામી ચુંટણીમાં પણ મત અધિકારથી વંચિત રહે તેવી સ્થિતી સર્જાઈ છે. આ બે અરજદારો દ્વારા નામ કમી કરવા અંગે કોઈપણ પ્રકારની અરજી આપવામાં આવી નથી. ત્યારે બારોબાર નામ કમી થઈ જવાના લઈને કાલોલના વેજલપુરમાં ચર્ચાનો વિષય બન્યો છે. તંત્રની બેદરકારીના કારણે નામ કમી થવાના મુદ્દે આગામી સમયમાં તંત્ર દ્વારા તપાસ કરવામાં આવશે કે સબ સલામત થવાનો હોવાનું જણાવશે. તે બાબતે મિટ મંડાઈ છે.

## શહેરાના વલ્લવપુર ગામે ગીરો મુકેલ જમીનનો કબ્જો નહિ છોડતા પોલીસ ફરિયાદ

શહેરા,

શહેરા તાલુકાના વલ્લવપુર ગામે ગીરો મુકેલ જમીનનો કબ્જો નહીં છોડાતા પોલીસ મથકે ફરિયાદ નોંધાઇ છે.જ્યારે પોલીસ સહિતના ઉચ્ચ અધિકારીઓ એ જમીન ખાતે પહોચી જઈને જરૂરી કાર્યવાહી હાથધરી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકા નવા વલ્લવપુર ગામના જયપાલસિંહ અર્જુનસિંહ સોલંકીએ ગામમાં જ આવેલ સર્વે નંબર ૮૧૬ (જુનો સર્વે નં.૧૫૫ પૈકી ૧) હે.આરે. ચો.મી.૦–૫૭–૦૩૮ વાળી જમીન વલ્લવપુર ગામના નવાઘરા ઠાકોર ફળીયામાં રહેતા બળવંતસિંહ ગણપતસિંહ સોલંકી અને જશવંતસિંહ બળવંતસિંહ સોલંકીને વર્ષ ૨૦૦૮માં ગીરો પેટે રૂ.૫૦ હજારમાં આપી હતી. જે ગીરો પેટે લીધેલ રૂ.૫૦ હજાર તા.૨૫/૦૫/૨૦૧૯ ના રોજ જશપાલસિંહે પંચો રૂબરૂ ગીરો રાખનારને આપી દીધા હતા અને અસલ ગીરો ખત પણ જશપાલસિંહે પરત મેળવેલ હતું, પરંતુ ગીરો રાખનાર દ્વારા જમીનનો કબ્જો સોંપવામાં આવ્યો ન હતો. જેને લઈને જશપાલસિંહ સોલંકીએ બળવંતસિંહ અને જશવંતસિંહને અવાર નવાર જમીન આપી દેવા જણાવવા છતાં આ બંનેએ જમીન ઉપર ગેરકાયદે કબ્જો ચાલુ રાખ્યો હોવાની ફરિયાદ જશપાલસિંહ સોલંકીએ પોલીસ મથકે નોંધાવતા શહેરા પોલીસે બળવંતસિંહ ગણપતસિંહ સોલંકી અને જશવંતસિંહ બળવંતસિંહ સોલંકી સામે જમીન પચાવી પડવા બાબતની વિવિધ કલમો મુજબ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.જ્યારે ડી. વાય.એસ.પી તેમજ સ્થાનિક પોલીસ મથક ના પોલીસ ઈન્સ્પેક્ટર એમ.આર.નકુમ સહિતનો પોલીસ સ્ટાફ મામલતદાર કચેરીના સર્કલ સાથે સ્થળ ખાતે પહોંચીને જરૂરી કાર્યવાહી હાથધરી હતી.

## પંચમહાલ જીલ્લામાં કોવિડ-૧૯ રસીકરણ કેન્દ્રો ખાતે સોમવાર થી વેકસીનનો બીજો ડોઝ આપવાનું ચાલું

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોના રસીકરણનો પ્રારંભ થયાને મહિનો થયો છે. ત્યારે અગાઉ રસીકરણનો પ્રથમ ડોઝ લેનાર લાભાર્થીઓને બીજો ડોઝ આપવાની તૈયારીઓ આરોગ્ય તંત્ર દ્વારા ચાલુ કરી દેવામાં આવેલ છે.

મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડૉ.મીનાક્ષી ચૌહાણના જણાવ્યા અનુસાર રસીકરણ કાર્યક્રમની શરૂઆત થઈ ત્યાર થી અત્યાર સુધીમાં એક માસ દરમ્યાન ૨૧૩૨૫ લોકોને રસીકરણ થી આવરી લઈ ૭૯ ટકા પ્રથમ રાઉન્ડમાં સિધ્ધિ હાંસલ કરેલ છે.

બીજો ડોઝ લેવા આવવા માટે પહેલો ડોઝ લેનાર લાભાર્થીઓને અગાઉ થી તારીખ આપીને જાણ કરી દેવામાં આવેલ છે. પહેલો ડોઝ લીધાના ૨૮ દિવસ બાદ બીજો ડોઝ લેવાનો હોય છે. અત્યાર સુધી કુલ ૨૧૩૨૫ હેલ્થ કેર વર્કર અને ફ્ન્ટ લાઈન વર્કરને રસીકરણના પ્રથમ રાઉન્ડમા આવરી લેવામાં આવેલ છે. જેમાં આરોગ્ય કર્મચારીઓ, સરકારી કર્મચારીઓ, તાલુકા અને જીલ્લા પંચાયતના કર્મચારીઓ, મહેસુલ વિભાગ, શિક્ષકો, પોલીસ વિભાગ અને નગર પાલિકાના કર્મચારીઓનો સમાવેશ થાય છે. આ તમામ અધિકારી–કર્મચારીઓને આવતી કાલ તા. ૧૫મી ફેબ્રુઆરી ૨૦૨૧ થી આ રસીકરણનો બીજો ડોઝ નકકી કરેલ તાલુકા અને જીલ્લાકક્ષાના કેન્દ્રો ઉપર ઉપર આપવાની સંપૂણ તૈયારી કરી દેવામાં આવેલ છે.

## કાલોલ કાતોલ પાટિયા પાસે પાણીનાં ટેન્કર નીચે બાઈક ચાલક ભરાય જતાં બેનો આબાદ બચાવ

કાલોલ,

કાલોલ તાલુકાના કાંતોલ પાટિયા પાસે આવેલ એ.બી.એસ.કંપનીમાં પાણી પુરૂ પાડવા આવતું ટેન્કર રવીવાર ના રોજ કંપનીમાં પાણી ખાલી કરી રોડ ક્રોસ કરવા કાલોલ–હાલોલ રોડ પરથી પસાર થતાં કાલોલ તરફથી આવતાં બાઈક ચાલક ટેન્કરની મધ્યમાં અફડાઈ ઊભેલા ટેન્કર નીચે બાઈક સહિત ચાલક અને પાછળ બેઠેલ બાળક ટેન્કર નીચે ભરાય ગયાં હતાં. રોડ ક્રોસ કરતા ઊભેલ ટેન્કર નીચે ભરાય ગયેલ બાઈક ચાલક અને પાછળ બેઠેલ બાળક એમ બે વ્યકિતઓને ઈજા થતાં ઘટનાં સ્થળે પોહચેલ પોલીસે તાત્કાલિક ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં.

## શહેરા સ્થાનિક સ્વરાજની ચુંટણી જીલ્લા પંચાયત ૨૩ તાલુકામાં ૧૧૨ અને પાલિકામાં ૬૯ ઉમેદવારી ફોર્મ ભરાયા



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા તાલુકામાં સ્થાનિક સ્વરાજ્યની ચુંટણી માટે ફોર્મ ભરવાના અંતિમ દિવસે જિલ્લા પંચાયત માટે ૨૩,તાલુકા પંચાયત માટે ૧૧૨ અને નગરપાલિકા માટે ૬૯ ફોર્મ ભરાયા, જોકે શહેરા નગરપાલિકાની ચુંટણી માટે કોંગ્રેસે એકપણ ફોર્મ નથી ભર્યું.

શહેરા નગરપાલિકાની ચૂંટણીમાં અપક્ષના ઉમેદવારોને કોંગ્રેસ ટેકો આપશે,જેથી નગરપાલિકાની ચુંટણીમાં ભાજપ અને અપક્ષ વચ્ચે ખરાખરીનો જંગ જામશે.

પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકામાં સમાવેશ થતી જિલ્લા પંચાયતની ૭ બેઠકો, તાલુકા પંચાયતની ૩૦ બેઠકો અને નગરપાલિકાની ૨૪ બેઠકોની સ્થાનિક સ્વરાજ્યની ચુંટણી આગામી દિવસોમાં યોજાનાર છે. ત્યારે આ તમામ સંસ્થાઓની ચુંટણી માટે શહેરા તાલુકા સેવા સદન ખાતે આવેલ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાના ચુંટણી અધિકારી તેમજ શહેરા તાલુકા પંચાયત મતદાર વિભાગ ચુંટણી અધિકારી સમક્ષ ફોર્મ ભરવાના અંતિમ દિવસ સુધી કુલ ૨૦૪ ફોર્મ ભરાયા, જે પૈકી નગરપાલિકાના ૬૯ ફોર્મ, જિલ્લા પંચાયતના ૨૩ ફોર્મ જ્યારે તાલુકા પંચાયત માટે ૧૧૨ ફોર્મ ભરાયા છે. હવે ફોર્મ ખેંચવાની તારીખે જ ચિત્ર સ્પષ્ટ થશે કે યોજાનાર ચુંટણીમાં કેટલા ઉમેદવારો મેદાનમાં ઉતરશે. જોકે શહેરા નગરપાલિકાની ચુંટણીમાં કોંગ્રેસ પક્ષે એકપણ ફોર્મ ભર્યું નથી અને કોંગ્રેસના કાર્યકરો અને હોદ્દેદારો અપક્ષના ઉમેદવારો માટે ચુંટણી પ્રચાર કરશે અને અપક્ષને ટેકો આપશે તેવી જાહેરાત કરી છે, પરંતુ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચુંટણીમાં કોંગ્રેસે પોતાના ઉમેદવારોને મેદાને ઉતાર્યા છે.

ફોર્મ ભરવાના છેલ્લા દિવસ સુધી શહેરા નગરપાલિકાની ચૂંટણી માટે ભાજપના ૩૯ ફોર્મ ભરવામાં આવ્યા છે,આ વખતે ભાજપ અને અપક્ષ વચ્ચે જંગ જામશે. વોર્ડ નંબર-૨ માં પંચમહાલ જિલ્લા ભાજપ ઉપપ્રમુખ જીગ્નેશભાઈ પાઠકના પુત્ર શ્વેતકુમારને મેન્ડેટ અપાયું હતું અને તેઓએ ફોર્મ ભર્યું હતું,પરંતુ તેઓની તબિયત નાદુરસ્ત રહેવાના કારણે તેમને ચુંટણી લડવા અસંમતિ દર્શવતા પાર્ટી દ્વારા મેન્ડેટ બદલીને વોર્ડ નંબર-૨માં વિવેક પંચાલને મેન્ડેટ અપાયું છે.

### શહેરા પાલિકાની ૨૪ બેઠકોના અપક્ષ ઉમેદવારોને કોંગ્રેસનું સમર્થન

શહેરા નગરપાલિકાની ચુંટણીને લઈને શહેરા નગર કોંગ્રેસ પ્રમુખ રીઝવાન પઠાણે પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે નગરપાલિકાની ૨૪ બેઠકો પર કોંગ્રેસે એકપણ ઉમેદવારને મેન્ડેટ આપ્યું નથી અને અપક્ષના ઉમેદવારોના સમર્થનમાં કોંગ્રેસના કાર્યકરો અને હોદ્દેદારો પ્રચાર કરશે, શહેરા નગરના નાગરિકોએ આ વખતે અપક્ષમાંથી ચુંટણી લડીએ તેમ કહ્યું હતું,જેથી અમે તેમની લાગણીને ધ્યાને લઈ નગરપાલિકાની ચુંટણીમાં કોંગ્રેસે એકપણ ઉમેદવારને મેન્ડેટ આપ્યા નથી.

રીઝવાન પઠાણ, કોંગ્રેસ પ્રમુખ,શહેરા નગર

## ગોધરા પાલિકાના વોર્ડ નં.૫ માંથી અપક્ષ ઉમેદવાર તરીકે સંજય સોનીએ ઉમેદવારી નોંધાવી



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા,

ગોધરા નગર પાલિકાના વોર્ડ નં.૫ માંથી અપક્ષ કાઉન્સીલર રહેલા સંજય સોની એ ઉમેદવારો ફોર્મ ભરવાની છેલ્લી તારીખે પોતાના સમર્થકો સાથે પ્રાંત કચેરી ખાતે પોતાની ઉમેદવારી નોંધાવી.

ગોધરા નગર પાલિકાના વોર્ડ નં.૫ માંથી બીજેપીની પેનલ સામે અપક્ષ ઉમેદવારી કરીને વિજેતા બનેલ હોય તેવા પાલિકા સંજય ચંપકલાલ સોનીએ યોજાનાર પાલિકાની ચુંટણીમાં ઉમેદવારી ભરવાની છેલ્લી તારીખે મોટી સંખ્યામાં સમર્થકોની હાજરીમાં પ્રાંત કચેરી ખાતે પોતાની ઉમેદવારી નોધાવી હતી. ઉમેદવારી નોંધાવા સાથે પોતાની જીતનો આશાવાદ વ્યકત કર્યો.

# ગોધરા નગર પાલિકાની ૪૪ બેઠકો માટે ૨૬૨ ફોર્મ ભરાયા : અપક્ષોની બોલબાલા

- ભાજપ અને કોંગ્રેસમાં ટીકિટ ન મળતાં વાંચ્છુકોમાં અસંતોષ.
- કોંગ્રેસ મહિલા પ્રમુખ અને ઉપપ્રમુખે રાજીનામું આપ્યું.
- ભાજપના પૂર્વ ૦૪ સભ્યોએ રાજીનામા આપી અપક્ષ દાવેદારી નોંધાવી.
- સૌથી વધુ વોર્ડ નં.૧૦માં ૩૨ ફોર્મ ભરાયા.
- સૌથી ઓછા વોર્ડ નં.૦૭ અને ૦૮માં ૧૬ ફોર્મ ભરાયા.

ગોધરા,

શનિવારે ઉમેદવારી પત્રો ભરવાના અંતિમ દિવસે ગોધરા નગર પાલિકાની ચુંટણી માટે ભાજપ અને કોંગ્રેસ તથા અપક્ષો એ ફોર્મ ભરવા માટે ભારે ભીડ જોવા મળી હતી. ૪૪ બેઠકો માટે ૨૬૨ ફોર્મ ભરાયા હતા. આ જોતાં અપક્ષોનો રાફડો ફાટયો હતો. જોકે, આગામી દિવસોમાં ચિત્ર સ્પષ્ટ થનાર છે. જોકે, ભાજપ અને કોંગ્રેસમાં ટીકિટ ન મળતાં નારાજ બનેલા કાર્યકરો એ રાજીનામા ધરીને અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવી છે.

પંચમહાલની સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં રાજકીય પક્ષોમાં ટિકિટ લઈને પક્ષના કાર્યકરોમાં ક્યાંક નારાજગી જોવા મળતી હોય છે. ત્યારે પંચમહાલ જિલ્લાના મુખ્ય મથક ગોધરા નગરપાલિકાની અને પંચમહાલ જિલ્લા પંચાયતની ચૂંટણી તેમજ તાલુકા પંચાયતની ચૂંટણીઓમાં ભાજપ અને કોંગ્રેસ દ્વારા જાહેર કરવામાં આવેલા ઉમેદવારોના નામો ને લઈને બંને પક્ષના કાર્યકરોમાં નારાજગી વ્યાપી જવા પામી છે. નારાજગી એટલા હદે વ્યાપી છે કે ભાજપ તેમજ કોંગ્રેસના વર્ષોજૂના કાર્યકરો એ પોતાના હોદ્દા પરથી રાજીનામાં ધરી દઈ પોતાની અપક્ષ ઉમેદવારી નોંધાવી છે.

પંચમહાલ જિલ્લાની સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં પંચમહાલ જિલ્લા પંચાયતની ૩૮ બેઠકો , સાત તાલુકા પંચાયતની ૧૭૮ બેઠકો તેમજ ગોધરા નગરપાલિકાની ૪૪ બેઠકો અને શહેરા નગરપાલિકા ની ૨૪ બેઠકો ઉપર સામાન્ય ચૂંટણી યોજાવાની છે.ત્યારે આ સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં ઉમેદવારી કરવા માટે ઉમેદવારી પત્ર ભરવાના આજે છેલ્લા દિવસે ગોધરા નગરપાલિકા માં ભાજપ દ્વારા ૨૪ ઉમેદવારોને મેન્ડેટ આપવામાં આવ્યા હતા. ભાજપ દ્વારા પસંદ કરાયેલા ઉમેદવારોના નામો સામે ગોધરા શહેર ભાજપના મહામંત્રી મુકેશભાઈ જયશ્વાલે પોતાનો વિરોધ નોંધાવ્યો હતો અને ભારતીય જનતા પાર્ટી દ્વારા નગરપાલિકાની ચૂંટણીમાં પસંદ કરાયેલા ઉમેદવારો માં પક્ષમાં વર્ષોથી જોડાયેલા અને સંનિષ્ઠ કાર્યકરોની અવગણના કરીને અન્ય ઉમેદવારને ટિકિટ આપી દેવામાં આવી હોવાના આક્ષેપો કરી ગોધરા શહેર ભાજપ મહામંત્રી ના પદેથી રાજીનામું આપી ગોધરા નગર પાલિકાના વોર્ડ નંબર બે માંથી અપક્ષ ઉમેદવાર તરીકે આજે પોતાનું ફોર્મ ભર્યું હતું.બીજી તરફ ગોધરા નગરપાલિકાના ઉપપ્રમુખ દ્વારા પણ ઉમેદવારોની પસંદગી બાબતે ભાજપ દ્વારા નક્કી કરાયેલી રણનીતિ નું પાલન ન કરવામાં આવ્યું હોવાનું જણાવી ભાજપ પક્ષમાંથી પોતાનું રાજીનામું આપ્યું હતું

ત્યારે પંચમહાલ જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણીમાં પણ કોંગ્રેસ દ્વારા જાહેર કરવામાં આવેલા ઉમેદવારોના લિસ્ટ બાબતે કોંગ્રેસ કાર્યકરોમાં વિરોધનો સૂર ઉઠવા પામ્યો છે. પંચમહાલ જિલ્લા મહિલા કોંગ્રેસના પ્રમુખ અને ઉપપ્રમુખે પણ પોતાના હોદ્દા પરથી રાજીનામાં ધરી દીધા હતા. પંચમહાલ જિલ્લા મહિલા કોંગ્રેસ પ્રમુખ તરીકે પ્રિયંકાબેન પરમાર અને ઉપ પ્રમુખ જયબેન પરમારે યાદીમાં નામ હોવા છતાં કોંગ્રેસ દ્વારા મેન્ડેડ ના આપતા ઉપરોકત હોદા પરથી રાજીનામાં ધરી દીધા હતા.ત્યારે અન્યો ને ટીકીટ ફાળવી દેવાતા કોંગ્રેસ મહિલા માં ભડકો થવા પામ્યો છે.જેને લઈ રાજીનામુ આપ્યું હોવાનું જાણવા મળી રહ્યું છે.

પંચમહાલ જિલ્લા મહિલા કોંગ્રેસ પ્રમુખ અને ઉપપ્રમુખે આક્ષેપ કર્યા હતા કે શહેરા વિધાનસભા બેઠકના ૨૦૧૭ના ઉમેદવાર દુષ્યંતસિંહ ચૌહાણ દ્વારા તેઓ સાથે છેડછાડ કરવામાં આવી હતી. જેને લઈને જીલ્લા પંચાયત ચૂંટણી માટે કોંગ્રેસ પ્રદેશ દ્વારા મોકલવામાં આવેલા મેન્ડેટ પ્રમાણે પંચમહાલ જિલ્લામાં ટિકિટોની ફાળવણી કરવામાં આવી નથી. આમ પંચમહાલ જિલ્લામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઈને ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષમાં ટિકિટોની ફાળવણી અંગે કાર્યકરોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. ત્યારે આ અસંતોષ ચૂંટણીના પરિણામો પર કેટલો હાવી થાય છે તે ચૂંટણીના પરિણામો બાદ જાણી શકાશે.

| વોર્ડ નં. | ભરાયેલા ફોર્મ | ઉમેદવારોની સંખ્યા |
|---|---|---|
| ૦૧ | ૨૩ | ૨૨ |
| ૦૨ | ૩૦ | ૨૭ |
| ૦૩ | ૨૧ | ૧૭ |
| ૦૪ | ૨૬ | ૨૩ |
| ૦૫ | ૨૬ | ૨૨ |
| ૦૬ | ૨૨ | ૧૮ |
| ૦૭ | ૧૬ | ૧૫ |
| ૦૮ | ૧૬ | ૧૪ |
| ૦૯ | ૨૬ | ૨૦ |
| ૧૦ | ૩૨ | ૨૩ |
| ૧૧ | ૨૪ | ૧૭ |

ગોધરા નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપ દ્વારા છ વોર્ડમાં પોતાના ૨૪ ઉમેદવારોની યાદીમાં સગાવાદ અને પૈસાવાદ ચલાવ્યો હોવાનું ફલીત થતા પાયાનાં વર્ષોજુના અને બે દસકાજુના કાર્યકરોના પત્તા કપાતાં ભારે ઉહાપોહ સર્જાયો છે.ગોધરા સોનીવાડ વિસ્તારના રહીશ અને વર્ષોથી ભાજપ સાથે સંકળાયેલા તથા પુર્વ પાલિકા ઉપપ્રમુખ એવા દિપક સોનીનું પણ પત્તુ કાપતા અને પાર્ટી દ્વારા અન્ય વોર્ડમાં સગાવાદ ચલાવતા તેઓએ આજે રાજીનામું ધરી દઈ ભાજપ સાથે છેડો ફાડી ખુલ્લા વિરોધમાં પડયા હતા અને તેમની પુત્રવધુએ અપક્ષમાં ઉમેદવારીપત્ર ભરી દાવેદારી કરી હતી. બીજીબાજુ એક સમયે દિપક સોનીની જ પેનલમાં ચૂંટણી લડી ચુકેલા રાજુ દરજી એ પણ આજ વોર્ડમાંથી પોતાની ઉમેદવારી નોંધાવી ભાજપ સાથે બળવાખોરી કરી હતી. ભાજપ દ્વારા છ વોર્ડમાં ખરેખર જે મેન્ડેટ ના દાવેદાર હતા તેવા અમુક કાર્યકતાઓ ને મેન્ડેટ નહીં આપતા આજે પ્રાંત અધિકારી સમક્ષ કોંગ્રેસ અને અપક્ષ ઉમેદવાર તરીકે ઉમેદવારીપત્રો ભરી ભાજપના દરેક ઉમેદવાર ને ધોબીપછાડ આપવા તૈયારીઓ દર્શાવી હતી...

ભાજપમાં છેલ્લા પંદર વર્ષથી વધુ દિવસરાત જોયા વગર દોડાદોડ કરતા ગોધરા ભુરાવાવ વોર્ડ–૨ના રહીશ મુકેશ જયસ્વાલ કે જે હાલ ગોધરા શહેર ભાજપ મહામંત્રી છે.તેઓને મેન્ડેટ આપવાને બદલે અન્ય બે નવા ચહેરાને મેન્ડેટ આપતા તેઓની કદર નહીં કરાતા તેઓએ પણ રાજીનામું ધરી દઈ આજે અપક્ષમાં તેમની ઉમેદવારી નોંધાવતા આજે ઉમેદવારીપત્રો ભરવાના અંતિમદિવસે ભાજપમાં ખળભળાટ મચવાની સાથે ડેમેજ કંટ્રોલ કરવો એ અઘરો વિષય થઈ પડયો હતો.જોકે ભાજપમાંથી બળવો કરનારાઓ આગામી દિવસોમાં ઉમેદવારીપત્રો પરત નહીં ખેંચેતો ભાજપ ને અલગ અલગ વોર્ડમાં જબરદસ્ત ધોબીપછાડ મળવાની સંભાવનાઓ નકારી શકાય તેમ નથી એતો ઠીક પરંતુ લોકોના કહેવા મુજબ છ વોર્ડના ૨૪ ઉમેદવારોમાં થી કદાચ ૮ થી ૧૦ જેટલા ઉમેદવાર ઘરભેગા થાય તેવી ચર્ચાઓ કેન્દ્ર સ્થાને રહી હતી જોકે ગોધરા નગરપાલિકા નું સ્પષ્ટ ચૂંટણી ચિત્ર ફોર્મ ચકાસણી અને પરત ખેંચવાની પ્રક્રિયા બાદ જ બહાર આવશે.



તસ્વીર : નુર બાલા, વેજલપુર

કાલોલ તાલુકાના વેજલપુર ગામના કોંગ્રેસ ના વર્ષો જુના કાર્યકર સલીમ મોહમદ કઠિયાને કાલોલ તાલુકા વેજલપુર પંચાયતની સીટ ઉપર પક્ષ માંથી ટિકિટ ની માંગણી કરી હતી. જેથી કોંગ્રેસ એ ટિકિટ નહિ આપતા કોંગ્રેસ કાર્યકર નારાજ થઈને અપક્ષમાં ઉમેદવારી નોંધાવી હતી. જેથી વેજલપુર ગામમાં રાજકારણમાં ગરમાવો દેખાય છે અને ત્રિકોણય જંગ ખેલાશે અને કોણ બાજી મારશે તે જોવાનું રહયું.